[illegible]

[illegible]

[illegible]

જૈન-સાહિત્ય-વિકાસ મંડળ.

[illegible]

વિલેપારલે, મુંબઈ ૨૪.

પહેલી આવૃત્તિ:

વિ. સં. ૨૦૦૭

ઈ. સ. ૧૯૫૧

મુદ્રક:

રમણલાલ જીવણલાલ

વ્યવસ્થાપક, સાધના

રાવપુરા, વડોદરા

શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા

અને

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ.

મહેસાણા.

ઉપોદ્ઘાત

નિર્યુક્તિકાર પ્રભાવક પ્રવચનકાર શ્રીભદ્રબાહુસ્વામી આવશ્યક-નિર્યુક્તિ નામના ગ્રંથમાં ફરમાવે છે કે :—

"કેવલજ્ઞાનવડે અર્થોને જાણીને, તેમાં જે પ્રજ્ઞાપનીય અર્થો છે, તેને તીર્થંકર કહે છે. તે તેઓનો વચનયોગ છે અને તે દ્રવ્યશ્રુત છે.*"

જગતમાં પદાર્થો બે પ્રકારના છે : ૧. અનભિલાપ્ય, ૨. અભિલાપ્ય. અનભિલાપ્ય એટલે કહી ન શકાય તેવા, અને અભિલાપ્ય એટલે કહી શકાય તેવા. તેમાં કહી શકાય તેવા પદાર્થોના પણ બે વિભાગ છે : એક અપ્રજ્ઞાપનીય એટલે ન જણાવી શકાય તેવા અને બીજા પ્રજ્ઞાપનીય એટલે જણાવી શકાય તેવા. તેમાં અનભિલાપ્યના અનંતમાં ભાગે અભિલાપ્ય છે, અભિલાપ્યના અનંતમા ભાગે પ્રજ્ઞાપનીય છે, અને પ્રજ્ઞાપનીયના અનંતમા ભાગે સૂત્રોમાં ગુંથાયેલ છે. પ્રજ્ઞાપનીય પદાર્થોને કહેવા તે પ્રભુનો વચનયોગ છે. શ્રોતાઓના ભાવશ્રુતનું કારણ છે; તેથી તે દ્રવ્યશ્રુત પણ કહેવાય છે.

'તે સૂત્રઆગમને ગણધરો કઈ રીતિથી રચે છે?' તેનું વર્ણન કરતાં તે જ મહાપુરુષ ફરમાવે છે કે :—

"તપ, નિયમ અને જ્ઞાનરૂપી વૃક્ષ ઉપર આરૂઢ થએલા અમિતજ્ઞાની કેવળી ભગવંત ભવ્ય જીવોને બોધ કરવા માટે જ્ઞાનરૂપી પુષ્પોનો વરસાદ વરસાવે છે. તેને ગણધર ભગવંતો બુદ્ધિરૂપ પટવડે ગ્રહણ કરીને

* केवलनाणेणत्थे नाउं, जे तत्थ पण्णवणजोग्गे ।
ते भासइ तित्थयरो, वयजोगसुयं हवइ सेसं ॥

आ. नि. गा. ७८

આવશ્યક સૂત્ર કે જેનાં ૭ અધ્યયનો છે અને જેનું પ્રથમ અધ્યયન સામાયિક છે, તે અર્થથી અરિહંતોવડે પ્રકાશિત છે, એ વાત નિર્યુક્તિકાર ભગવાન શ્રીભદ્રબાહુસ્વામીના વચનોથી આપણે જોઈ આવ્યા.

નિર્યુક્તિકાર પછી ઉલ્લેખનીય સ્થાન પ્રાપ્ત થાય છે **ભાષ્યકારનું. આવશ્યકસૂત્રના** પ્રથમ અધ્યયનની નિર્યુક્તિ ઉપર **વિશેષાવશ્યક-ભાષ્યના** રચયિતા સમર્થ શાસ્ત્રકાર પુણ્યનામધેય **શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ** છે, અને તેના ઉપર વિશદ વૃત્તિના રચયિતા **મલધાર-ગચ્છીય આચાર્ય શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી** છે. ગ્રન્થના પ્રારંભમાં વૃત્તિકાર ફરમાવે છે કે :—

ચરણ-કરણ-ક્રિયા-કલાપરૂપ વૃક્ષના મૂળસમાન સામાયિક આદિ અધ્યયનસ્વરૂપ અને શ્રુતસ્કંધરૂપ શ્રી **આવશ્યકસૂત્ર** અર્થથી **શ્રી-તીર્થંકરદેવોએ** અને સૂત્રથી **શ્રીગણધરભગવંતોએ** રચેલું છે. એ સૂત્રની અતિશય ગંભીરતા અને સકલ સાધુ-શ્રાવકવર્ગની નિત્યની (ક્રિયામાં) ઉપયોગિતા જાણીને ચૌદ પૂર્વધર **શ્રીભદ્રબાહુસ્વામીએ** 'આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન' ઇત્યાદિ પ્રસિદ્ધ ગ્રંથ-સ્વરૂપ નિર્યુક્તિ રચેલી છે.*

ત્યારબાદ 'ત્રણ પ્રકારના લોકોત્તર આગમોમાં આવશ્યકસૂત્ર શામાં અવતાર પામે છે?' તેનું વર્ણન કરતાં ભાષ્યકાર મહર્ષિ સ્વયમેવ ફરમાવે છે કે :—

---

* इह चरणकरणक्रियाकलापतरुमूलकल्पं सामायिकादिषडध्ययनात्मक-श्रुतस्कंधरूपमावश्यकं तावदर्थतस्तीर्थंकरैः, सूत्रतस्तु गणधरैर्विरचितम्। अस्य चातीव गम्भीरार्थतां सकलसाधुश्रावकवर्गस्य नित्योपयोगितां च विज्ञाय चतुर्दशपूर्वधरेण श्रीमद् भद्रबाहुस्वामिना एतद्व्याख्यानरूपा 'आभिणिबोहिअनाणं सुयनाणं चेव ओहिनाणं च" इत्यादि प्रसिद्धग्रन्थरूपा निर्युक्तिः कृता।

“ સમભાવ લક્ષણવાળું સામાયિક એ અહીં પ્રથમ અધ્યયન છે. વિંશતિસ્તવ આદિ તેના જ ભેદ હોવાથી સામાયિકને પ્રથમ-છે.”*

ચૂર્ણિકાર પછી ટીકાકારોમાં-આવશ્યક ઉપરની વિદ્યમાન ટીકાઓમાં મ ટીકાકાર તરીકેનું સ્થાન આચાર્યપુંગવ **શ્રીહરિભદ્રસૂરી-** રજીનું આવે છે. તેઓશ્રી આવશ્યક નિર્યુક્તિ ગાથા ૭૪૨ ઉપર ા કરતાં ફરમાવે છે કે:—

‘તીર્થંકરદેવો કૃતકૃત્ય હોવાથી ‘સામાયિક’ અધ્યયનને તેમજ ન ચતુર્વિંશતિસ્તવ આદિ અધ્યયનોને શા માટે કહે છે? તેનું ાધાન એ છે, કે ‘તીર્થંકર નામકર્મ મેં પૂર્વે ઉપાર્જન કર્યું છે, તેને રે ખપાવવું જોઈએ,’ તેમ જાણીને શ્રીતીર્થંકરદેવ સામાયિક અને ન ચતુર્વિંશતિસ્તવ આદિ અધ્યયનોને કહે છે.+

એ જ વાતને વિશેષાવશ્યકના ટીકાકાર મલધારી **શ્રીહેમચન્દ્ર-**

---

* तत्र प्रथममध्ययनं सामायिकं समभाव लक्षणत्वात्, चतुर्विंशतिस्त-ोनां च तद्भेदत्वात् प्राथम्यमस्येति ।

+ “ तित्थयरो किं कारणं, भासइ सामाइयं तु अज्झयणं ।
तित्थयरनामगोत्तं, कम्मं मे वेइयव्वं ति ” ॥

आ. नि. गाथा—७४२

टीका—“ तीर्थकरणशीलस्तीर्थकरः, तीर्थं पूर्वोक्तं, स किं कारणं-किं मेत्तं भाषते सामायिकं त्वध्ययनं? तु शब्दादन्याध्ययनपरिग्रहः, तस्य कृत्यत्वादिति हृदयम्, अत्रोच्यते—‘तीर्थकरनामगोत्रं, तीर्थकरनामसंज्ञं, त्रशब्दः संज्ञायां, कर्म मया वेदितव्यमित्यनेन कारणेन भाषते,’ इति ाथः ।”

રચનાઓ કેવળ મુનિગણને યોગ્ય અને તે પણ અધિકારી અને પાત્ર જીવોને યોગ્ય હોઈ શ્રીઆવશ્યકસૂત્રનું સ્થાન તેનાથી વધારે વ્યાપક છે; કારણ કે તેનો અધિકારી બાળ, બુધ અને મધ્યમ એ ત્રણે પ્રકારનો વર્ગ છે. ત્રણે પ્રકારના વર્ગને તે સૂત્રો નિત્યની ક્રિયામાં ઉપયોગી હોવાથી તેનો અભ્યાસ શ્રી જિનાજ્ઞાવર્તી ચતુર્વિધ સંઘમાં વધારે વ્યાપક અને સૌથી પ્રથમ સ્થાન લે, એ સર્વથા સુઘટિત છે.

આજે એ ફરિયાદ છે કે—"પ્રતિક્રમણસૂત્રોનો અભ્યાસ આજના વિદ્યાર્થીને નીરસ અને તેની ક્રિયા કંટાળાભરી લાગે છે. તેથી ધાર્મિક અભ્યાસક્રમમાં ફેરફાર તથા સુધારો થવો જોઈએ." આ ફરિયાદ તદ્દન સમજણવિનાની અને અર્થહીન છે. પ્રતિક્રમણસૂત્રોના રચયિતા શ્રી ગણધરભગવંતો છે, તેથી તેઓ તેને કદી પણ નીરસ કે અલ્પ રસવાળા બનાવે જ નહિ, તેઓની કૃતિ રસપૂર્ણ જ હોય, તે રસનો આસ્વાદ અનુભવવા માટે આપણે પોતે તેને યોગ્ય બનવું જોઈએ—ઉત્તમ રસનો આસ્વાદ લેવા માટેના અધિકારી બનવું જોઈએ.

એ અધિકારીપણું જ્ઞાન અને શ્રદ્ધા ઉભયને માગે છે. જ્ઞાન ભાષાસંબંધી, સૂત્રરચનાસંબંધી અને અર્થગાંભીર્યસંબંધી હોવું જોઈએ. શ્રદ્ધા રચયિતાસંબંધી, રચયિતાના વ્યક્તિત્વ અને ચારિત્રસંબંધી, રચયિતાની વિશાલ બુદ્ધિ અને અનંત કરુણાસંબંધી હોવી જોઈએ.

અંગ્રેજી ભાષાના વધુ પડતા આદર અને બહુમાનથી આજની પ્રજાએ સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનું જ્ઞાન લગભગ ગુમાવ્યું છે. થોડા અક્ષરોમાં ઘણા અર્થો સમાવી લેવાની શક્તિ ધરાવનારા સૂત્રો અને તેની રચનાશૈલીની શ્રેષ્ઠતાસંબંધી અજ્ઞાનતાના કારણે, ઘણા શબ્દોમાં માત્ર થોડો જ અર્થ કહેનારા એવા અન્ય વાંચનમાં જ પ્રજાની શક્તિનો આજે ઘણો વ્યય થઈ રહ્યો છે. જેના અભ્યાસથી એક જ જન્મમાં અનેક જન્મોનાં કાર્ય સિદ્ધ થઈ શકે એવાં અર્થો અને તત્ત્વોથી ભરેલાં શાસ્ત્રોને

પણ આવકાર આપવામાં આવેલ નથી. '**સઘળાયે શ્રુતજ્ઞાનનો સાર ચારિત્ર છે અને સઘળાયે ચારિત્રનો સાર મોક્ષ છે.**' જિન-શાસનનો આ મુદ્રાલેખ છે. જે જ્ઞાનની પાછળ ચારિત્રનો હેતુ નથી, તે જ્ઞાન નહિ, પણ એક પ્રકારનું અજ્ઞાન જ છે, પ્રકાશ નહિ પણ એક પ્રકારનો અંધકાર જ છે. જે ચારિત્રની પાછળ મોક્ષનું સાધ્ય નથી, તે ચારિત્ર ચારિત્ર નહિ પણ એક પ્રકારનું કાયકષ્ટ છે, ગુણ નહિ પણ ગુણાભાસ છે. મોક્ષ એ જ સર્વ પ્રયોજનોનું પ્રયોજન છે, સર્વ-સાધ્યોનું સાધ્ય છે. મોક્ષનું સાધન છે, માટે જ ચારિત્ર આદરણીય છે. મોક્ષના સાધનનું સાધન છે, માટે જ જ્ઞાન આદરણીય છે. જ્ઞાન એ ચારિત્રનું સાધન બને નહિ, અને ચારિત્ર એ મોક્ષનું સાધન બને નહિ, તો શાસ્ત્રકારોની દૃષ્ટિએ એ બન્ને નિષ્ફળ છે, નિરર્થક છે, હાનિકર છે. એ દૃષ્ટિને ખ્યાલમાં રાખીને જ જ્ઞાનનો અને ક્રિયાનો વિચાર કરવાનો છે.

પ્રતિક્રમણની ક્રિયા અને તે માટેનું જ્ઞાન, તત્ત્વજ્ઞાનના અર્થીને નિરર્થક લાગતું હોય તો તે તત્ત્વજ્ઞાનનો સાચો અર્થી જ નથી, પરન્તુ તત્ત્વજ્ઞાનના નામે કોઈ જુદું જ જ્ઞાન મેળવવાનો પિપાસુ છે. જે જ્ઞાન શાસ્ત્રકારોની દૃષ્ટિએ કેવળ બોજારૂપ, પ્રમાદને પોષવારૂપ કે અહં-કારાદિની વૃદ્ધિરૂપ જ બનવાનો મોટો સંભવ છે, અથવા તો તેનાથી તેને કોઈ પણ આત્મિક પ્રયોજન સિદ્ધ થવાનું નથી જ. શ્રીજિનશાસનમાં ક્રિયા માટે જ જ્ઞાન છે. જ્યાં ક્રિયાની જરૂર નથી ત્યાં જ્ઞાનની જરૂર જ નથી. દયા માટે જ જ્ઞાન છે. જ્યાં દયાની જરૂર નથી ત્યાં જ્ઞાનવૃદ્ધિની જરૂર જ નથી. દયાહીનને જેમ જ્ઞાન અધિક નિર્દય બનાવે છે તેમ ક્રિયાવિહીનને જ્ઞાન અધિક નિષ્ક્રિય (પ્રમાદી) કે અધિક અસત્ક્રિય (પાપપરાયણ) બનાવનાર થાય છે.

'पढमं नाणं तओ दया !' 'પ્રથમ જ્ઞાન ને પછી અહિંસા.' એ શાસ્ત્રવચનોનો મર્મ દયા કે અહિંસાને પાછળ રાખવા માટે નથી, પણ

અધિક પુષ્ટ કરવા માટે જ છે. આદર્શ નહિ કે મુખ્યપણે આગળ રાખવા માટે છે. " દયાને પુષ્ટ બનાવવા માટે જ્ઞાનને મુખ્ય બનાવો. અહિંસાને દૃઢ બનાવવા માટે જ્ઞાનને આદર આપો. " એ એનું તાત્પર્ય છે. " દયાને કાયમ રાખીને જ્ઞાનને ભણવાનું છે, દયાને છોડીને જ્ઞાન ભણવાનો ઉપદેશ નથી. " અહીં દયા એ ચારિત્રનું ઉપલક્ષણ છે. એ જ વાત ક્રિયા માટે છે. " ક્રિયાને ટકાવવા માટે જ્ઞાન ભણો. ક્રિયા વિના કે ચારિત્ર વિના મોક્ષ છે જ નહિ, માટે એવું જ્ઞાન પણ ભણો કે—જેથી ચારિત્ર અને ક્રિયા સુદૃઢ થાય. " પ્રતિક્રમણની ક્રિયા પણ ચારિત્રની શુદ્ધિ માટે છે. જેમ ચારિત્ર વિના મોક્ષ નથી તેમ પ્રમાદગ્રસ્ત અને દોષોથી ભરેલા જીવોને, એ દોષોની વારંવાર શુદ્ધિરૂપ પ્રતિક્રમણ કર્યા વિના ચારિત્ર પણ છે જ નહિ. જૈન શાસ્ત્રકારોનો એ ભારપૂર્વક ઉપદેશ છે કે " કેવળ ભાવનાથી કે કેવળ તત્ત્વજ્ઞાનના બળથી કોઈ જીવોનો મોક્ષ થયો નથી, થતો નથી, કે થવાનો નથી. સદ્ગતિ કે મોક્ષનો મુખ્ય આધાર જ્ઞાન નહિ પણ ક્રિયા છે. જ્ઞાન તો કેવળ ક્રિયાને ઉત્તેજક તથા શુદ્ધ કરનાર છે. જે જ્ઞાનથી તે કાર્ય ન થઈ શકે તે જ્ઞાન વાંઝિયું છે, નિષ્ફળ છે, શૂન્યવત્ છે. "

નિર્યુક્તિકાર ભગવાન શ્રીભદ્રબાહુસ્વામીજી ફરમાવે છે કેઃ—

" શ્રુતજ્ઞાનમાં વર્તતો એવો જીવ પણ જો તપ અને સંયમમય યોગોને વહન કરવાને અસમર્થ છે તો તે મોક્ષને પામતો નથી. "

આગળ ચાલતાં તેઓશ્રી ફરમાવે છે કેઃ—

" જ્ઞાનરૂપી નિર્યામક પ્રાપ્ત કરવા છતાં જીવરૂપી પોત (નાવ), તપસંયમરૂપી પવન વિના, સંસારસમુદ્રના પારને–મુક્તિસ્થાનને પામી શકતો નથી, સંસાર સાગરને વિષે મનુષ્યભવ આદિ સામગ્રી પામીને, કાંઈક ઊંચો આવ્યા પછી, ઘણું પણ જાણવા છતાં જો ચારિત્રગુણથી હીન રહ્યો, તો ફરી બૂડી જઈશ. **ચારિત્રગુણથી હીનને ઘણું પણ**

અધ્યયન તત્ત્વજ્ઞાનના ગ્રંથોનું કરાવવું? કે ક્રિયાપ્રધાન સૂત્રોનું કરાવવું?" એ પ્રશ્ન ઘણો વિચારણીય છે. શ્વેતામ્બર સંપ્રદાયમાં પ્રથમ અધ્યયન મુખ્યત્વે ક્રિયાપ્રધાન સૂત્રોનું કરાવવામાં આવે છે. તેથી વિરુદ્ધ દિગમ્બર સંપ્રદાયમાં (તત્ત્વાર્થસૂત્ર જેમાં મુખ્ય છે એવા) તત્ત્વજ્ઞાનપ્રધાન ગ્રન્થોનું કરાવવામાં આવે છે. મુક્તિમાર્ગમાં બન્ને ય વસ્તુ ઇષ્ટ હોવા છતાં, એકાકીપણે બન્ને નિષ્ફળ છે, એ વાત આપણે ઉપર જોઈ આવ્યા છીએ. હવે જ્યારે ક્રમનો જ વિચાર કરવો છે ત્યારે સૌથી પ્રથમ જ્ઞાનને મુખ્યતા આપવી કે ક્રિયાને? એ પ્રશ્ન આવીને ઊભો રહે છે. સંવિગ્ન, ભવભીરુ અને ગીતાર્થ શ્વેતામ્બર મહર્ષિઓ પાસે પંચાંગી-સમેત સમસ્ત શ્રુતજ્ઞાનનો વારસો હોવાથી તેના મન્થનસ્વરૂપ તેઓએ ક્રિયાપ્રધાન સૂત્રોના અધ્યયનનો જ ક્રમ પસંદ કર્યો છે, અને પોતાના અનુયાયીઓનું જીવન તદનુસાર ઘડવાને માટે જ મુખ્ય પ્રયાસ કર્યો છે. એનું પરિણામ આજે પ્રત્યક્ષ રીતે એ જોવા મળે છે કે શ્વેતામ્બર સંપ્રદાયમાં દોષની શુદ્ધિ માટેની પ્રતિક્રમણરૂપી આવશ્યક ક્રિયા પ્રતિદિન ચાલુ છે. પ્રતિદિન નહિ કરી શકનાર પ્રતિપક્ષ, પ્રતિચાતુર્માસ અને છેવટે પ્રતિવર્ષ એક વાર તો અવશ્ય કરે જ છે. તેથી સંઘવ્યવસ્થા જળવાઈ રહે છે: પાપથી પાછા હઠવારૂપી કર્તવ્યનો અમલ કરવા માટેની સમગ્ર સંઘની ધર્મભાવના ટકી રહે છે; સમાન સૂત્રો વડે સૌ કોઈને તે ક્રિયા કરવાની હોવાથી સકલ સંઘ (પછી તે દ્રવ્યની અપેક્ષાએ સાધુ-સાધ્વી, શ્રાવક શ્રાવિકારૂપ હો, અથવા ક્ષેત્રની અપેક્ષાએ પૂર્વ પશ્ચિમ, ઉત્તર કે દક્ષિણ દેશમાં વસનારો હો, અથવા કાળની અપેક્ષાએ બાળ, વૃદ્ધ, યુવાન કે પ્રૌઢ વયે પહોંચેલો હો, અથવા ભાવની અપેક્ષાએ બહુગુણી, અલ્પગુણી, મધ્યમગુણી કે સામાન્ય ગુણી હો—સૌ કોઈ) પોતાને લાગેલા દોષોની શુદ્ધિ કરવારૂપ ક્રિયાના આરાધક બનીને સુગતિને સાધવા માટે શક્તિમાન થાય છે. ક્રિયાપ્રધાનતાનો આ મહાન લાભ છે. એવા ક્રિયા-પ્રધાન સંઘમાં જેટલું જ્ઞાન વધતું જાય તેટલું લાભદાયી છે, શણગારરૂપ

[illegible]
[illegible] આવે છે. આથી [illegible]
થાય છે કે તત્ત્વજ્ઞાનનાં [illegible] ક્રિયાત્મક
[illegible] મોક્ષમાર્ગમાં [illegible] જરૂરી છે.

જ્યાં સુધી પ્રમાદ છે, ત્યાં સુધી પ્રતિક્રમણની જરૂર છે.

પ્રતિક્રમણનો અર્થ સ્પષ્ટ કરવાને પ્રસંગે શાસ્ત્રકાર મહર્ષિઓ ફરમાવે છે કે :—

" પ્રમાદના વશથી પોતાનું સ્થાન છોડીને પરસ્થાનને પામેલો જીવ પાછો સ્વસ્થાને આવે, તેને પ્રતિક્રમણ કહે છે. " *

અહીં પોતાનું સ્થાન એટલે પોતે પ્રાપ્ત કરેલ ધર્મસ્થાન અથવા ગુણસ્થાન. પ્રાપ્ત ધર્મસ્થાનથી કે ગુણસ્થાનથી જીવને ભ્રષ્ટ થવાનું કોઈ પણ કારણ હોય તો પ્રમાદદોષની આધીનતા છે. જીવનો એ પ્રમાદદોષ સાતમા અને તેની ઉપરના ગુણસ્થાનો પ્રાપ્ત થયા પહેલાં સર્વથા ટળતો નથી. ગુણસ્થાનોનું આ સ્વરૂપ જેઓ જાણતા નથી, તેઓ આત્મજ્ઞાનના નામે, બ્રહ્મવિદ્યાના નામે કે સ્વરૂપરમણતાના નામે જે એક પ્રકારની ભયંકર ભ્રમણાના ભોગ થઈ પડે છે, તે મુક્તિમાર્ગમાં એક મોટામાં મોટું ભયસ્થાન છે. આ વિષયમાં શ્વેતામ્બર કે દિગમ્બર ઉભય શાસ્ત્રકારોએ એકસરખી ચેતવણી આપી છે. જીવની ઉત્ક્રાન્તિમાર્ગના સોપાન તરીકે બન્ને ય શાસ્ત્રોમાં ચૌદ પ્રકારના ગુણસ્થાનો વર્ણવ્યાં છે. તેમાં જ્યાં સુધી જીવ મિથ્યાત્વદોષને પરવશ છે, ત્યાં સુધી તે પહેલા ગુણસ્થાનથી ઉપર જઈ શકતો નથી. જ્યાં સુધી અવિરતિના દોષને પરવશ છે, ત્યાં સુધી ચોથા ગુણસ્થાનથી ઉપર ચઢી શકતો નથી અને જ્યાં

* स्वस्थानाद् यत्परस्थानं, प्रमादस्य वशाद् गतः ।
तत्रैव क्रमणं भूयः, प्रतिक्रमणमुच्यते ॥ १ ॥

'ज्ञानक्रियाभ्यां मोक्षः।' એ સૂત્રનું આ તાત્પર્ય છે. જ્ઞાનાભ્યાસ વડે જીવ અને કર્મનો યથાસ્થિત સંબંધ સમજાય છે અને તપ અને સંયમરૂપ ક્રિયાભ્યાસ વડે પૂર્વકર્મ ખપે છે, અને આવતાં નવીન કર્મ રોકાય છે. કર્મને પૌદ્‌ગલિક માનવાં છતાં જેઓ તેનો સંબંધ સર્પ **કંચુકવત્** (સર્પની ઉપરની કાંચળીની જેવો) કે **ચન્દ્રાભ્રવત્** (ચંદ્રની ઉપર વાદળાંની જેવો માને છે) અથવા "કર્મ એ પરદ્રવ્ય છે, તેથી જીવને કાંઈ કરી શકે જ નહિ" એવો એકાંતવાદ અંગીકાર કરે છે, તેઓ જૈનમતનો એક અંશ માનવા છતાં અન્ય અંશનો અપલાપ કરે છે, તેથી જૈન નહિ પણ જૈનાભાસ બની જાય છે. કર્મોનો ક્ષય કરવા માટે જે જાતિનો ઉદ્યમ થવો જોઈએ, તે જાતિનો ઉદ્યમ તેઓથી થઈ જ શકતો નથી. વસ્તુતઃ કર્મ જીવને કેવળ અડીને જ રહેલાં નથી, પરન્તુ પરસ્પર અનુવેધને પામેલાં છે. તેથી કર્મ-પુદ્‌ગલની અસર તળે આવેલો જીવ કથંચિત્ જડસ્વરૂપ બનેલો છે. એની એ જડતા કેવળ અજ્ઞાનસ્વરૂપ છે એમ નથી પણ પ્રમાદસ્વરૂપ પણ છે. પ્રમાદ અને અજ્ઞાન એ બન્ને ય દોષો જીવ ઉપર એવી રીતે ચડી બેઠેલા છે કે જાણે આત્મા તત્સ્વરૂપ બની ગયો છે. તેમાં અજ્ઞાનદોષ કરતાં પણ પ્રમાદદોષનું જોર વધારે છે. અજ્ઞાનથી મુક્ત થયેલા એવા જ્ઞાની પુરુષો પણ પ્રમાદને આધીન થઈ ક્ષણવારમાં નિગોદમાં ચાલ્યા જાય છે, એટલું પ્રમાદનું જોર હોય છે. ગુણસ્થાનકના ક્રમ મુજબ અજ્ઞાનદોષ ચોથા ગુણસ્થાનકે ચાલ્યો જાય છે, જ્યારે પ્રમાદદોષની સત્તા છઠ્ઠા ગુણસ્થાનક પર્યન્ત રહેલી છે. "જ્યાં સુધી એ પ્રમાદદોષ રહેલો છે, ત્યાં સુધી વિરતિધર મુનિઓ પણ એ પ્રમાદદોષ દૂર કરનાર ક્રિયાઓનો આશ્રય ન લે અને માત્ર જ્ઞાનથી કે માત્ર ધ્યાનથી જ મુક્તિ મળી જશે એમ માની લે તો તેઓ પણ સંસારમાં રુલી જાય," એમ જૈન શાસ્ત્રો ફરમાવે છે.

'ગુણસ્થાનક ક્રમારોહ'માં છઠ્ઠા ગુણસ્થાનકની દશાનું વર્ણન કરતાં ફરમાવ્યું છે કે—

"કેવળ ચિત્તનિરોધ માત્ર એ જ ધ્યાન નથી પણ યોગોનો સુદૃઢ પ્રયત્નપૂર્વક વ્યાપાર અથવા વિદ્યમાન એવા મન-વચન-કાયાના યોગનો નિરોધ એ પણ ધ્યાન જ છે.*"

ધાતુના અનેક અર્થો થાય છે. એ કારણે 'ધ્યાન' શબ્દ ચિત્તનિરોધ અર્થમાં જેમ વપરાય છે તેમ યોગનિરોધ એટલે મન-વચન-કાયા એ ત્રણેની દોષરહિત નિર્મળ પ્રવૃત્તિ, અને સર્વથા અપ્રવૃત્તિ, એ અર્થમાં પણ વપરાય છે. તેમાં સર્વથા યોગનિરોધ ચૌદમા ગુણઠાણે હોય છે. ચિત્તનિરોધ પ્રથમ ગુણસ્થાનકથી શરૂ થઈ શકે છે. મન-વચન-કાયાના યોગોનું પ્રયત્નપૂર્વક પ્રશસ્ત પ્રવર્તન છઠ્ઠા ગુણસ્થાનક સુધી આવશ્યક છે. ત્યાર પછી બારમા સુધીના ગુણસ્થાનકોનો કાળ અંતર્મુહૂર્તથી અધિક નથી. તેરમા ગુણસ્થાનકનો કાળ દેશોનપૂર્વકોટિ છે. પરન્તુ ત્યાં ત્રણ પ્રકારના ધ્યાનમાંથી એક પણ પ્રકારનું ધ્યાન નથી. તે કાળને 'ध्यानांतरिका' કહેવાય છે. ચૌદમા ગુણસ્થાનકે પણ ચિત્તનિરોધરૂપ ધ્યાન નથી પણ યોગનિરોધરૂપ ધ્યાન છે. એ દૃષ્ટિએ વિચારતાં જિનશાસનમાં યોગનિરોધરૂપ ધ્યાન એ જ સૌથી મહત્ત્વનું અને સૌથી ચઢિયાતું ધ્યાન માનેલું છે. તેના સાધનરૂપ જે કોઈ ક્રિયા તે પછી નિરોધરૂપ હો કે નિરવદ્ય યોગ વ્યાપારરૂપ હો, તે પણ ધ્યાન જ છે, કારણ કે ધ્યાનનું ફળ જે કર્મક્ષય, તે તો ઉભયથી સધાય છે.

જેઓ ચિત્તવૃત્તિના નિરોધને જ કેવળ ધ્યાન કહે છે, તેઓ 'ધ્યાન' શબ્દના મર્મને સમજ્યા નથી, કારણ કે ચિત્તવૃત્તિના નિરોધવાળું ધ્યાન તો સ્નાન, પાન, અર્થ, કામ આદિ સંસારવર્ધક અને કર્મબંધક ક્રિયાઓમાં પણ સંભવે છે; પરન્તુ તે ધ્યાન ધર્મસાધક બનતું નથી. તેને પણ જો સાધક માનીએ તો "માછલા પકડવા માટે બગલાનું

२ सुदढप्पयत्तवावारणं, णिरोहो व विज्जमाणाणं ।
झाणं करणाण मयं, ण उ चित्तणिरोहमित्तागं ॥ ३०७१ ॥

કે ઉંદર પકડવા માટે બિલાડીનું ધ્યાન પણ ઇષ્ટ સાધક માનવું જોઈએ." પણ તેમ કોઈ માનતું નથી. તેથી કેવળ ચિત્તવૃત્તિનો નિરોધ ધ્યાનસ્વરૂપ બનતો નથી. કિન્તુ, સંક્લિષ્ટ ચિત્તવૃત્તિઓનો નિરોધ એ જ વાસ્તવિક ધર્મસાધક ધ્યાન છે અને તે પણ એક પ્રકારના પ્રશસ્ત મનોવ્યાપાર રૂપ છે. તેથી જ્યાં સુધી આત્માનો પ્રમાદદોષ ટળ્યો નથી. ત્યાં સુધી પ્રમાદ તરફ દોડતા મન-વચન-કાયાના વ્યાપારને રોકવારૂપ જે કોઈ પ્રશસ્ત વ્યાપાર તે જ વાસ્તવિક ધ્યાન છે, કારણ કે ધ્યાનનું ફળ જે કર્મક્ષય અને સંપૂર્ણ કર્મક્ષયને સાધક એવી જે શૈલેશી અવસ્થા—ચતુર્દશ (ચૌદમું) ગુણસ્થાનક, તે તેનાથી ક્રમશઃ સિદ્ધ થાય છે.

પૂ૦ ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ ફરમાવે છે કે—

નિશ્ચય ધર્મ ન તેણે જાણ્યો, જે શૈલેશી અંત વખાણ્યો;
ધર્મ અધર્મતણો ક્ષયકારી, શિવસુખ દે જે ભવજલ તારી. ૧
તસ સાધન તું જે જે દેખે, નિજ નિજ ગુણઠાણાને લેખે;
તેહ ધરમ વ્યવહારે જાણો, કારજ-કારણ એક પ્રમાણો. ૨

—સવાસો ગાથાનું સ્તવન. ઢાળ ૧૦મી. ગાથા ૨-૩૦

"ચિત્તનિરોધરૂપ કે નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિરૂપ ધ્યાન એ જ નિશ્ચયધર્મ છે અને તે જ એક કર્મક્ષય અને મોક્ષનું સાધન છે." એવો એકાન્તવાદ ધારણ કરનારને પૂ૦ ઉપાધ્યાયજી મહારાજ ઉત્તર આપે છે કે—"મોક્ષનું અનંતર સાધન જે નિશ્ચયધર્મ તે તો શૈલેશીને અંતે કહ્યો છે અને તે ધર્મ જ પુણ્ય-પાપ ઉભયનો ક્ષય કરી મોક્ષસુખને આપે છે. તેના સાધનરૂપ જે જે ધર્મો પોતપોતાના ગુણસ્થાનકને ઉચિત છે, તે પણ નિશ્ચયધર્મના કારણરૂપ હોવાથી ધર્મ જ છે. કાર્ય અને કારણ વચ્ચે કથંચિત્ એકતા હોવાથી બન્નેય પ્રમાણરૂપ છે. કાર્યની ઉત્પત્તિ તેના કારણથી જ થાય છે, તેથી નિશ્ચયધર્મરૂપ કાર્યની ઉત્પત્તિમાં કારણરૂપ વ્યવહારધર્મ છે, કે જે પ્રશસ્ત પ્રવૃત્તિસ્વરૂપ છે. તેને પણ

ધર્મ તરીકે માનો. શુભ વ્યાપારથી દ્રવ્યઆશ્રવ થાય છે, તોપણ તે નિર્જરાગુણરૂપ ધર્મને બાધ પહોંચતો નથી. જ્યાં સુધી યોગક્રિયાનો સંપૂર્ણ નિરોધ થયો નથી, ત્યાં સુધી જીવ યોગારંભી છે જ. એ દશામાં મલિન આરંભનો ત્યાગ કરાવનાર અને શુભ આરંભમાં જોડનાર તથા આસ્રવદોષ અને તજ્જનિત સદ્વ્યવહારના વિરોધને ઉપજાવનાર મિથ્યા ભ્રમને ટાળનાર પ્રશસ્ત વ્યાપારરૂપ ધ્યાન જ છે, અને એ જ પરમ ધર્મરૂપ છે, અનન્ય આધારરૂપ છે.

શ્રી જિનમતમાં ક્રિયાને છોડીને બીજું ધ્યાન નથી એમ જે કહેવામાં આવે છે, [illegible] છે. ધ્યાન વિના કર્મનો ક્ષય નથી, એ વાત [illegible] ખરી છે, પરંતુ સાચી વાત એ છે કે—પ્રમત્ત અવસ્થા સુધી તો [illegible] ક્રિયાને છોડીને બીજું ધ્યાન પણ નથી. શ્રી જિનમતમાં [illegible] આવશ્યક આદિ ક્રિયાઓને છોડીને જેઓ ચિત્તનિરોધના [illegible] છે, તેઓનું ધ્યાન અને તેઓનો [illegible] ધ્યાન [illegible] નથી. [illegible] અને [illegible] ચિત્તનિરોધરૂપ ધ્યાનનો [illegible] [illegible]

ચણ આદિનો અભાવે જો કેવળજ્ઞાન અને મુક્તિ નથી જ, અને તેના કારણરૂપે અપ્રમત્ત ઉપરના ગુણસ્થાનકોની હયાતી પણ નથી જ, તો પોતાની ભૂમિકાને ઉચિત એવી આરાધનામાં જ મગ્ન—મક્કમ રહેવું અને તેનાથી ચલિત ન થવું, એ જ ખરો મુક્તિનો માર્ગ છે.

ભગવાન મહાવીરના શાસનમાં સપ્રતિક્રમણધર્મ.

"પ્રમત્ત અવસ્થાથી ઉપરની અવસ્થા વર્તમાન કાળે આ ક્ષેત્રમાં જ્ઞાનીઓએ અંતર્મુહૂર્તથી અધિક કાળ ટકે તેવી જોઈ નથી, અને તેથી પ્રમત્ત અવસ્થાને ઉચિત એવી ધર્મધ્યાનપોષક ક્રિયાઓ એ જ ધર્મનો પ્રાણ છે," એમ ઉપદેશ્યું છે. વળી ભગવાન મહાવીરના શાસનમાં ઉત્પન્ન થયેલાં જીવોનો સ્વભાવ પણ જ્ઞાનીઓએ વક્ર અને જડ જોયો છે, અને તેવો જ કહ્યો છે. શ્રીકલ્પસૂત્રની વૃત્તિમાં કહ્યું છે કે—પ્રથમ તીર્થપતિના શાસનના સાધુઓ ઋજુ—જડ, બાવીસ જિનેશ્વરોના શાસનના સાધુઓ ઋજુ-પ્રાજ્ઞ અને ચરમ તીર્થપતિના શાસનના સાધુઓ વક્ર અને જડ છે. સાધુઓના આ જુદા જુદા સ્વભાવોનું પૃથક્કરણ પણ પ્રતિક્રમણધર્મની ઉપયોગિતા સમજાવે છે. જ્યાં જડતા છે ત્યાં ભૂલોનો અવશ્ય સંભવ છે. જ્યાં ભૂલોનો સંભવ છે ત્યાં ભૂલના પ્રાયશ્ચિત્તરૂપ પ્રતિક્રમણની આવશ્યકતા છે. પહેલા અને છેલ્લા તીર્થપતિના શાસનના સાધુઓ જડતામાં સમાન હોવાથી તેમને માટે સપ્રતિક્રમણધર્મ ઉપદેશ્યો છે. વચલા જિનપતિના શાસનના સાધુઓ ઋજુ અને પ્રાજ્ઞ હોવાથી તેમને ભૂલ થવાનો સંભવ ઘણો ઓછો છે, તેથી તેમને માટે પ્રતિક્રમણ નિયત નહિ કરતાં અનિયત કર્યું છે. તેઓ જ્યારે જ્યારે દોષ લાગે ત્યારે ત્યારે પ્રાજ્ઞ હોવાથી સમજી જતાં અને ઋજુ હોવાથી તેનો સ્વીકાર કરી પ્રતિક્રમણ કરી દોષની શુદ્ધિ કરી લેતા હતા. ભગવાન મહાવીરના શાસનના સાધુઓ જડ અને વક્ર અનેક દોષોથી સહિત હોવાથી તેમના માટે દોષનો સંભવ પણ અધિક છે, અને દોષનો સ્વીકાર

પણ દુષ્કર છે. તેથી તેમને માટે સપ્રતિક્રમણધર્મ નિયત અને અત્યન્ત હિતકારી છે. ત્રણ વૈદ્યનું દૃષ્ટાન્ત આપીને તે વાત શ્રીકલ્પસૂત્રની વૃત્તિમાં ભારપૂર્વક સમજાવી છે.

એક રાજાને ત્યાં એક પુત્રનો જન્મ થયો. આગામી કાળે પણ પુત્રના શરીરે વ્યાધિ ન થાય તે ખાતર રાજાએ ત્રણ વૈદ્યોને બોલાવ્યા. પહેલા વૈદ્યે કહ્યું કે—"મારું ઔષધ વિદ્યમાન વ્યાધિને હણશે અને વ્યાધિ નહિ હોય તો વ્યાધિને ઉત્પન્ન કરશે." રાજાએ કહ્યું કે—"સૂતેલા સાપને જગાડવા તુલ્ય તારા ઔષધથી સર્યું." બીજા વૈદ્યે કહ્યું કે—"મારું ઔષધ વ્યાધિ હશે તો દૂર કરશે અને વ્યાધિ નહિ હોય તો ગુણ પણ નહિ કરે અને દોષ પણ નહિ કરે." રાજાએ કહ્યું કે—"ભસ્મમાં ઘી નાખવા સમાન તારા ઔષધથી સર્યું." ત્રીજા વૈદ્યે કહ્યું કે—"મારું ઔષધ વિદ્યમાન દોષને શમાવશે અને દોષ નહિં હોય તો રસાયનરૂપ બનશે અને પુત્રની કાન્તિ, તેજ, બળ અને રૂપ ઇત્યાદિને વધારશે." રાજાએ તેનું સન્માન કર્યું અને તેના ઔષધ વડે પોતાના પુત્રને કાયમ માટે નીરોગી તથા તુષ્ટિ-પુષ્ટિવાળો બનાવ્યો.

વક્ર અને જડ એવા વીર ભગવંતના સાધુઓ માટે પ્રતિક્રમણધર્મ એ ત્રીજા વૈદ્યના ઔષધતુલ્ય છે. દોષ હોય તો દૂર કરે છે, ન હોય તો કાન્તિ, તુષ્ટિ અને પુષ્ટિની જેમ જ્ઞાન, દર્શન અને ચારિત્ર આદિ ગુણોની વૃદ્ધિ કરે છે.

દોષ અટકાવવા માટે પ્રતિક્રમણ સિવાય બીજો ઉપાય નથી.

લોકમાં કહેવાય છે કે—"મનુષ્યમાત્ર ભૂલને પાત્ર (To err is human) છે." એ જ વાત શાસ્ત્રકારો બીજા શબ્દોમાં કહે છે કે—"છદ્મસ્થમાત્ર ભૂલને પાત્ર છે." છદ્મ એટલે આવરણ. કર્મના આવરણ નીચે રહેલા આત્માથી ભૂલ ન થાય એ આશ્ચર્ય છે, ભૂલ થાય તેમાં આશ્ચર્ય નથી. "ચાર જ્ઞાનના ધણી, અનંતલબ્ધિનિધાન,

અંતર્મુહૂર્તમાં દ્વાદશાંગીના રચયિતા ભગવાન મહાવીરના આદ્ય શિષ્ય ગુરુ ગૌતમસ્વામીને પણ આણંદ શ્રાવકના પ્રશ્નનો ઉત્તર આપવામાં સ્ખલના થઈ હતી," એમ શાસ્ત્ર સાક્ષી પૂરે છે. ભૂલ એ મનુષ્યમાત્રનો કે છદ્મસ્થમાત્રનો સ્વભાવ છે, તો તે ભૂલનો પ્રતિકાર પણ છદ્મસ્થ-માત્રને અનિવાર્ય છે. ભૂલ એ વિષ છે, તો તેનો પ્રતિકાર અમૃતથી જ થઈ શકે. વિષને પણ વિધિપૂર્વક મારીને અમૃત બનાવી શકાય છે. ભૂલરૂપી વિષને મારવાનો વિધિ શો? અને એને મારવાથી ઉત્પન્ન થતું અમૃત કયું? એ બન્નેય વાતનો ઉત્તર આપણને 'પ્રતિક્રમણ' શબ્દથી મળી આવે છે. પ્રતિક્રમણ એ ભૂલરૂપી વિષને વધતું અટકાવે છે. પ્રતિક્રમણ ક્રિયા એ ભૂલરૂપી ઝેરને મારીને તીવ્ર શુભભાવરૂપી અમૃત કરવા દ્વારા કર્મરોગનો મૂળમાંથી ઉચ્છેદ કરવા માટે સમર્થ રસાયન નીવડે છે. જો એ ક્રિયાનો ઉપયોગ કરવામાં ન આવે તો એ વિષ મરવાને બદલે વધતું જાય છે અને વધેલું એ વિષ ભૂલ કરતી વખતના દોષ અને તેના વિપાક કરતાં શત-સહસ્ર-કોટિગણું અધિક દોષ અને વિપાક આપનારું થાય છે. શાસ્ત્રકાર મહર્ષિઓ ફરમાવે છે કે—

"ભૂલ થવાને કાળે જે દોષ લાગે છે તે દોષ—તે ભૂલને કબૂલ કરવામાં ન આવે (તે ભૂલથી પાછા ફરવામાં ન આવે), તો પરિણામે અનન્તગુણા દારુણ વિપાકને આપનાર થાય છે.*"

તેટલા માટે ભૂલ થવાની સાથે જ તેનો સ્વીકાર કરી લેવો અને તેનાથી પાછા ફરી જવું એ ધર્મીમાત્રની ફરજ થઈ પડે છે.

અનાર્ય સંસ્કૃતિ પણ સુધરેલા મનુષ્યો કે ઉત્તમ સદ્‌ગૃહસ્થો (Civilised men) તરીકે ગણાવાનો અધિકાર તેને જ આપે છે,

---

* **तथा स्खलितप्रतिपत्तिरिति ।**

स्खलितकाले दोषात् अनन्तगुणत्वेन दारुणपरिणामत्वात्तदप्रतिपत्तेः ।

धर्मबिन्दु अ. ५ सूत्र २१

પણ દુષ્કર છે. તેથી તેમને માટે સપ્રતિક્રમણધર્મ નિયત અને અત્યન્ત હિતકારી છે. ત્રણ વૈદ્યનું દૃષ્ટાન્ત આપીને તે વાત શ્રીકલ્પસૂત્રની વૃત્તિમાં ભારપૂર્વક સમજાવી છે.

એક રાજાને ત્યાં એક પુત્રનો જન્મ થયો. આગામી કાળે પણ પુત્રના શરીરે વ્યાધિ ન થાય તે ખાતર રાજાએ ત્રણ વૈદ્યોને બોલાવ્યા. પહેલા વૈદ્યે કહ્યું કે—"મારું ઔષધ વિદ્યમાન વ્યાધિને હણશે અને વ્યાધિ નહિ હોય તો વ્યાધિને ઉત્પન્ન કરશે." રાજાએ કહ્યું કે—"સૂતેલા સાપને જગાડવા તુલ્ય તારા ઔષધથી સર્યું." બીજા વૈદ્યે કહ્યું કે—"મારું ઔષધ વ્યાધિ હશે તો દૂર કરશે અને વ્યાધિ નહિ હોય તો ગુણ પણ નહિ કરે અને દોષ પણ નહિ કરે." રાજાએ કહ્યું કે—"ભસ્મમાં ઘી નાખવા સમાન તારા ઔષધથી સર્યું." ત્રીજા વૈદ્યે કહ્યું કે—"મારું ઔષધ વિદ્યમાન દોષને શમાવશે અને દોષ નહિ હોય તો રસાયનરૂપ બનશે અને પુત્રની કાન્તિ, તેજ, બળ અને રૂપ ઇત્યાદિને વધારશે." રાજાએ તેનું સન્માન કર્યું અને તેના ઔષધ વડે પોતાના પુત્રને કાયમ માટે નીરોગી તથા તુષ્ટિ-પુષ્ટિવાળો બનાવ્યો.

વક્ર અને જડ એવા વીર ભગવંતના સાધુઓ માટે પ્રતિક્રમણધર્મ એ ત્રીજા વૈદ્યના ઔષધતુલ્ય છે. દોષ હોય તો દૂર કરે છે, ન હોય તો કાન્તિ, તુષ્ટિ અને પુષ્ટિની જેમ જ્ઞાન, દર્શન અને ચારિત્ર આદિ ગુણોની વૃદ્ધિ કરે છે.

દોષ અટકાવવા માટે પ્રતિક્રમણ સિવાય બીજો ઉપાય નથી.

લોકમાં કહેવાય છે કે—"મનુષ્યમાત્ર ભૂલને પાત્ર (To err is human) છે." એ જ વાત શાસ્ત્રકારો બીજા શબ્દોમાં કહે છે કે—"છદ્મસ્થમાત્ર ભૂલને પાત્ર છે." છદ્મ એટલે આવરણ. કર્મના આવરણ નીચે રહેલા આત્માથી ભૂલ ન થાય એ આશ્ચર્ય છે, ભૂલ થાય તેમાં આશ્ચર્ય નથી. "ચાર જ્ઞાનના ધણી, અનંતલબ્ધિનિધાન,

કોઈ પણ ભૂલ થવાની સાથે જ એ શબ્દપ્રયોગ કરવામાં આવે છે. તેમાં 'Please excuse me'—'મને ક્ષમા કરો' કે 'Very sorry'—'હું દિલગીર છું,' વગેરે શબ્દપ્રયોગ કરતાં ઘણો મોટો અર્થ અને ભાવ ભરેલો છે. નિર્યુક્તિકાર ભગવાન તેનું પદભંજન કરતાં તેમાંથી ગંભીર અર્થ કાઢે છે. 'મનથી અને કાયાથી નમ્ર બનીને દોષોને કાઢવા, મારાથી થયેલ દુષ્કૃતને હું પશ્ચાત્તાપ સહિત બાળી નાખું છું,' અર્થાત્ 'મારી ભૂલથી, હું ફરી તેવી ભૂલ નહિ કરવાના અધ્યવસાયપૂર્વક પાછો ફરું છું.' પ્રતિક્રમણ માટેનું આ સૂત્ર અને તેનું ઉચ્ચારણ તથા તેની અર્થગંભીરતા જૈનશાસનના પ્રણેતા પુરુષોની પરમ જ્ઞાનસંપન્નતા, પરમ શીલસંપન્નતા, પરમ કારુણ્યશીલતા તથા સર્વોત્કૃષ્ટ શાસનપ્રણેતૃતા સૂચવે છે.

ચારિત્રનો પ્રાણ પ્રતિક્રમણ

શ્રી જિનશાસનમાં સર્વનયસિદ્ધ આત્મવિકાસનો સાર ચારિત્ર છે, જ્ઞાન ભણવાનું પણ ચારિત્ર માટે છે, અને શ્રદ્ધા સ્થિર કરવાની પણ ચારિત્રને દઢ કરવા માટે છે. જ્ઞાનથી શ્રદ્ધા વધે છે, શ્રદ્ધાથી ચારિત્ર ઘડાય છે, અને ચારિત્રથી મોક્ષ મળે છે. જે જ્ઞાન શ્રદ્ધાને વધારનાર નથી પણ બગાડનાર છે, તે જ્ઞાન ઉપાદેય નહિ પણ હેય છે. જે શ્રદ્ધા ચારિત્રને વધારનાર નથી પણ ચુકાવનાર છે, તે શ્રદ્ધા આદરણીય નહિ પણ ત્યાજ્ય છે. શ્રદ્ધા, જ્ઞાન કે ચારિત્ર એ આત્માના સહજ ગુણ છે. પ્રત્યેક જીવાત્મામાં તે ત્રણે હોય જ છે, પરંતુ દરેક વખતે મોક્ષના સાધક જ હોય એમ બનતું નથી. સમ્યક્ શ્રુતજ્ઞાનની ભાવપૂર્વક પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી તે મોટે ભાગે મોક્ષના સાધક નહિ પણ બાધક જ હોય છે. મોક્ષસાધક ચારિત્ર ઉપર જેને શ્રદ્ધા નથી, તેને તેથી વિરુદ્ધ પ્રકારના વર્તન ઉપર તો શ્રદ્ધા હોય જ છે, અને જો એ પણ ન હોય તો તે વર્તન કરી શકે જ નહિ. પ્રત્યેક વર્તનની પાછળ

આધ્યાત્મિકોની છે. જ્યારે ખરું પરમાત્મા વસ્તુથી સત્ય અને સકલ સ્વરૂપથી નિરપેક્ષ પૂર્ણ છે.

કોઈક આધ્યાત્મિક સ્વરૂપકલ્પના કે આત્મકલ્પના સિદ્ધાંતને જ એક ચારિત્ર માને છે. પરન્તુ 'તે કોણ ? અને ક્યાં મનુષ્યાકારે હોય ?' તેનો વિવેક નહિ કેળવતા હોય છે. નહીં સ્વરૂપકલ્પના પામી શકતા કે નહીં સત્કર્મોની સિદ્ધિ કરી શકતા: ઊલટો બગાડ થાય છે. કોઈપણ સ્વરૂપકલ્પના કે આત્મભાવનાસ્થિતિના સિદ્ધાન્તો સિવાય બીજાને કોઈ કહેતો નથી. કેટલાક ભક્તિમાર્ગીઓ પણ ચારિત્ર્યસ્વરૂપ ભાવ સ્વીકારીને માનેલા છે. અને તેથી સ્વરૂપસમાન તેમને પણ ભાસે છે. એ સ્થિતિમાં સ્વરૂપકલ્પનાને જ ચારિત્રનું એક લક્ષણ માનવું એ અજ્ઞાન અથવા મોહનો જ વિલાસ છે.

એ જ રીતે કેટલાક ચારિત્ર એટલે 'Character' અને 'Character' એટલે મનુષ્યે મનુષ્યની સાથે સભ્ય વ્યવહાર રાખવો, નીતિ પાળવી, સત્ય બોલવું, કોઈની સાથે દગાઈ કરવી નહિ, પાડોશીને ચાહવું, વગેરે વગેરે માને છે; પરન્તુ આ ચારિત્ર નથી. પણ નીતિ છે; અને તેની પાછળ પ્રચ્છન્નપણે મનુષ્યની ઐહલૌકિક સ્વાર્થભાવના જ મોટે ભાગે કામ કરી રહેલી હોય છે. નીતિ વગેરે પણ લોકના સ્વાર્થને અનુસરીને હોય તો તે પણ જરૂરી છે, પરન્તુ તેનાથી નિરપેક્ષ-ભાવ કુન્દથી હેતુ પૂરતા જ હોય તો તે સંકુચિત મનોદશા છે. ચારિત્ર-ગુણ એથી ઘણો ઊંચો છે. તેની પાછળ આ લોકના સ્વાર્થને સાધવાનો એક અંશ પણ ભાવ નથી. તે કેવળ મનુષ્યજાતિની જ ચિંતા કરીને અન્ય સકલ સૃષ્ટિના જીવો પ્રત્યે ઉપેક્ષા કે નિર્દયતા બતાવનાર સંકુચિત મનોદશા નથી. તેની પાછળ પોતાના કે બીજાના ઐહિક કે દૈહિક ઉપદ્રવોનો જ સ્વલ્પ કાળ માટે અંત આણવાની મનોવૃત્તિ નથી, કિન્તુ સ્વપર ઉભયના સાર્વત્રિક અને સાર્વદિક સર્વ પ્રકારના દુઃખોનો અંત

આણવાની સર્વોત્કૃષ્ટ ભાવના છે, અને એ ભાવનાની સિદ્ધિ સાવદ્યયોગના વિરામથી અને નિરવદ્યયોગના આસેવનથી જ થઈ શકે છે, તે સિવાય બીજો ઉપાય નથી.

સાવદ્યયોગ એટલે પાપવાળો વ્યાપાર. પાપ અઢાર પ્રકારનાં છે. તેમાંથી એક પણ પાપ મન-વચન-કાયાથી સેવવું, સેવરાવવું કે સેવતાંને સારું માનવું નહિ, એ જાતિની જીવનપર્યંત માટે કે નિયતકાળ માટેની પ્રતિજ્ઞા એ જ સામાયિક અને એ જ વાસ્તવિક ચારિત્ર છે. એ ચારિત્રનું પાલન એ દ્વાદશાંગીનો સાર છે. એનાથી મુક્તિ નિકટ આવે છે.* એ ચારિત્રગુણનો અભ્યાસ એ જ જીવની સદ્‌ગતિનું મૂળ છે અને એ ચારિત્રગુણનું પાલન એ જ કેવળ મનુષ્યસૃષ્ટિને નહિ પણ સચરાચર તમામ વિશ્વના જીવોની પીડા હરનારું અનુપમ સાધન છે. સ્વરૂપરમણતા—કે આત્મગુણોમાં સ્થિરતા સુધી પહોંચવા માટે એ ચારિત્ર એ જ પરમદ્વાર છે અને એ જ પરમ કસોટી છે. જેઓ એ કસોટીમાંથી પસાર થવા માટે આનાકાની કે આણગમો બતાવે છે, તેઓ ચારિત્રગુણથી હજારો કોશ દૂર છે. એટલું જ નહિ પણ ચારિત્રગુણના પાલનને પરિણામે મળનારી સુગતિના ભાગી થવા માટે સર્વથા બેનસીબ છે.

સાવદ્ય વ્યાપારોનું પ્રત્યાખ્યાન અને નિરવદ્ય વ્યાપારોનું આસેવન એ જ એક ચારિત્રનું લક્ષણ હોય તો તે ચારિત્રને ટકાવનાર કે વધારનાર, સંભાળનાર કે સુધારનાર સત્ક્રિયા સિવાય બીજું કોઈ જ નથી, એ વાત આપોઆપ સિદ્ધ થાય છે. એટલા માટે ચારિત્રનું બીજું લક્ષણ શાસ્ત્રકારોએ "અશુભનિવૃત્તિ શુભપ્રવૃત્તિ ચારિત્ર" પણ કહ્યું છે. કાયાની સમ્યક્ ચેષ્ટાઓ, એ સમિતિઓ છે, અને કાયા, વચન અને મન એ ત્રણેના સમ્યગ્

* तस्मात्प्राह भगवान् सामायिकमेव निरुपमोपायम् ।
शारीर मानसागन्तुक दुःखनाशस्य मोक्षस्य ॥

श्री हरिभद्रसूरि

(સંસારનિસ્તરણ) [illegible], એ ભૂમિકા છે. [illegible] અનુક્રમે [illegible] થાય છે. એ આઠ પ્રકારની ક્રિયાઓને [illegible] જૈનશાસનની [illegible] નહીં [illegible] ગણાય છે.

[illegible] સામાયિકથી જ [illegible] ક્રિયાથી [illegible] પ્રતિક્રમણ [illegible]. પ્રતિક્રમણ એ ક્રિયાની [illegible] પહેલા [illegible] સામાયિક છે. [illegible] પ્રતિક્રમણ છે.

પ્રતિક્રમણની ક્રિયાને અંગે કેટલીક શંકાઓ અને તેનાં સમાધાન.

શંકા ૧: પ્રતિક્રમણ [illegible] છે [illegible] સામાયિક છે. સામાયિક [illegible] નહિ, [illegible] નહિ [illegible] નહિ. [illegible] છે, [illegible] પ્રતિક્રમણ [illegible]?

સમાધાન: જૈનશાસનમાં સામાયિક આદિ પ્રત્યેક [illegible] છે [illegible]

(૧) [illegible] ([illegible])
(૨) [illegible]
(૩) [illegible]
(૪) [illegible]
(૫) [illegible]
(૬) [illegible]
(૭) [illegible]

[illegible]
[illegible]

છે. પાપ નહિ કરવાનો અનુબંધ જ તેને એક વખતે સર્વથા પાપ નહિ કરવાની કક્ષાએ પહોંચાડે છે. તેથી શ્રીજિનશાસનમાં જ્યાં સુધી જીવ પાપથી રહિત ન બને ત્યાં સુધી તેને 'પાપનું પ્રતિક્રમણ' અવશ્ય કર્તવ્ય તરીકે ઉપદેશ્યું છે. એ માટે કહ્યું છે કે :—

"મૂલપદે પડિક્કમણું ભાખ્યું, પાપતણું અણકરવું રે;
શક્તિ ભાવ તણે અભ્યાસે, તે જસ અર્થે વરવું રે."

૩૫૦ ગાથાનું સ્તવન—ઢાળ ૨૭—ગાથા ૧૮મી.

પાપને નહિ કરવારૂપ મુખ્ય પ્રતિક્રમણ શક્તિમુજબ અને ભાવમુજબ અભ્યાસ કરતાં કરતાં સિદ્ધ થાય છે.

અથવા કહ્યું છે કે :—

'પડિક્કમણું' મૂલપદે કહ્યું, અણકરવું પાપનું જેહ મેરે લાલ.
અપવાદે તેહનું હેતુ એ, અનુબંધ તે શમ-રસ-મેહ મેરે.'

પ્રતિક્રમણ ગર્ભહેતુ સ્વાધ્યાય—ઢાળ ૬ઠ્ઠી—ગાથા ૩૭.

મુખ્યપણે પાપ ન કરવું તે જ પ્રતિક્રમણ છે. અપવાદે પાપ નહિ કરવાનો અનુબંધ પાડનાર પ્રતિક્રમણ પણ મુખ્ય પ્રતિક્રમણનો હેતુ છે. કારણ કે (પાપ નહિ કરવાનો) અનુબંધ એ જ અહીં સમતારૂપી રસને વરસાવનાર મેઘ છે.

શંકા ૩: પ્રતિક્રમણ ભૂતકાળના પાપનું જ હોઈ શકે. વર્તમાન કાળ અને અનાગત કાળના પાપનું પ્રતિક્રમણ કેવી રીતે હોઈ શકે ?

સમાધાન: પ્રતિક્રમણ શબ્દનો અર્થ 'અશુભ યોગથી નિવૃત્તિ' એવો જ કરીએ, તો અતીતકાળના દોષનું પ્રતિક્રમણ નિંદાદ્વારા અશુભ યોગની નિવૃત્તિ.' વર્તમાન કાળના દોષનું પ્રતિક્રમણ સંવરદ્વારા 'અશુભયોગની નિવૃત્તિ', અને અનાગત કાળના દોષનું પ્રતિક્રમણ

પચ્ચક્ખાણદ્વારા 'અશુભ યોગની નિવૃત્તિ,' એ રીતે ત્રણે ય કાળના દોષોનું 'પ્રતિક્રમણ' થઈ શકે છે.

શંકા ૪: પ્રતિક્રમણ વખતે સામાયિક લેવાની શું જરૂર છે?

સમાધાન: પ્રતિક્રમણ એ સામાયિકનો જ એક ભેદ છે. શાસ્ત્રમાં સામાયિક ચાર પ્રકારનાં કહ્યાં છે: સમ્યક્ત્વ સામાયિક, શ્રુત સામાયિક, દેશવિરતિ સામાયિક અને સર્વવિરતિ સામાયિક. પ્રતિક્રમણ કરનારમાં સમ્યક્ત્વ સામાયિક અને શ્રુત સામાયિક હોય જ. સમ્યક્ત્વ સામાયિક એટલે મિથ્યાત્વ-મલનો અપગમ અને તેથી ઉપજતી જિનવચનમાં શ્રદ્ધા. શ્રુત સામાયિક એટલે જિનોક્ત-તત્ત્વોનું સંક્ષેપથી કે વિસ્તારથી જ્ઞાન અને તેથી ઉપજતો અવિપરીત બોધ. દેશવિરતિ સામાયિક એટલે પાપની આંશિક નિવૃત્તિરૂપ પ્રયત્ન. સર્વવિરતિ સામાયિક એટલે પાપથી સર્વાંશ નિવૃત્તિ કરવારૂપ પ્રયત્ન. એ ચારે ય પ્રકારના સામાયિકથી ચ્યુત થવું તે ઔદયિક ભાવ છે. એ ઔદયિક ભાવમાંથી અર્થાત્ પરભાવમાંથી ખસીને, ફરી પાછું, સામાયિકરૂપી ક્ષાયોપશમિક ભાવ અર્થાત્ આત્મભાવમાં જવું તે પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણ વખતે સામાયિક લેવાની જરૂર શા માટે છે? તે આ ઉપરથી સ્પષ્ટ થશે. સામાયિક એ સાધ્ય છે અને પ્રતિક્રમણ એ સાધન છે. તેથી સામાયિકરૂપી સાધ્યને લક્ષમાં રાખવાપૂર્વક જ પ્રતિક્રમણની ક્રિયા કરવી જોઈએ, એવું શાસ્ત્રકારોનું વિધાન છે.

શંકા ૫: જેને અતિચાર લાગે તે જ પ્રતિક્રમણ કરે, બીજાને પ્રતિક્રમણ કરવાની શી જરૂર છે?

સમાધાન: પ્રતિક્રમણ કરવાનો અધિકારી ચતુર્વિધ સંઘ છે અને ચતુર્વિધ સંઘમાં સાધુ-સાધ્વી એ સર્વવિરતિધર છે અને શ્રાવક-શ્રાવિકા એ દેશવિરતિધર છે. જેઓ અવિરતિ હોવા છતાં જિનપ્રણીત માર્ગ ઉપર શ્રદ્ધાવાળા છે, તેઓ પણ સમ્યગ્દર્શનના ધારક અવશ્ય છે. જેઓને

નિર્મળતાનું પરમ-પ્રકૃષ્ટ કારણ છે.'* કારણ કે—એમાંનો એક એક દોષ પણ જો તેમાંથી પાછું ફરવામાં ન આવે તો અનન્તગુણ સુધી ય દારુણ વિપાક આપનારો થાય છે.

શંકા ૬: પ્રતિક્રમણની ક્રિયા ઘણી લાંબી અને કંટાળાભરેલી હોય છે. તેનાં સૂત્રોનો અર્થ જેઓ જાણતા હોતા નથી તેઓની આગળ એ સૂત્રોને બોલી જવાથી કોઈ પણ પ્રકારનો ભાવ જાગતો નથી, કે કોઈ પણ પ્રકારનું વિશિષ્ટ પ્રયોજન સધાતું નથી, તો તેના બદલે સામાયિક કે સ્વાધ્યાય આદિ કરે તો શું ખોટું?

સમાધાન: 'પ્રતિક્રમણની ક્રિયા ઘણી લાંબી અને કંટાળાભરેલી છે' એમ તે જ કહે, કે જે ધર્મ માટે ક્રિયાની આવશ્યકતા બિલકુલ માનતો નથી અને માત્ર વાતો કરવાથી જ ધર્મ સિદ્ધ થઈ શકે છે એવી ખોટી શ્રદ્ધા ધારણ કરતો હોય છે. ધર્મનો પ્રાણ જ ક્રિયા છે, અને ક્રિયા વિના કદી મન, વચન કે કાયા સ્થિર થઈ શકતાં નથી, એવું જેને જ્ઞાન છે, તેને મન તો પ્રતિક્રમણની ક્રિયા તદ્દન ટૂંકી અને સૌથી અધિક રસમય છે. ઉભય સંધ્યાએ કરવાનું તેનું વિધાન કરેલું હોવાથી, તથા તે સમયે લૌકિક પણ કોઈ કાર્યો (લોકસ્વભાવથી જ) કરાતાં નહિ હોવાથી નિરર્થક જતો તે કાળ સાર્થક કરી લેવાનો અપૂર્વ ઉપાય પ્રતિક્રમણની ક્રિયા છે. વળી, જ્ઞાનાભ્યાસ માટે પણ તે કાળ અસ્વાધ્યાયનો છે તથા અકાળે જ્ઞાનાભ્યાસ કરવાથી ઊલટો અનર્થ થાય છે. તેથી પ્રમાદમાં જતાં તે કાળને જ્ઞાન-દર્શન-ચારિત્રની વૃદ્ધિ થાય તેવી રીતે પસાર કરવાની અપૂર્વ ચાવી પણ પ્રતિક્રમણની ક્રિયામાં રહેલી છે. પ્રતિક્રમણ જેવી ટૂંકી અને સંધ્યાવખતની બે ઘડીમાં પૂરી થતી ક્રિયાને લાંબી કે કંટાળાભરેલી કહેવી તે જીવના પ્રમાદરૂપી કટ્ટર શત્રુને પુષ્ટિ આપનારું અજ્ઞાન-કથન છે.

---

* निषिद्धागमनादि यद्विपर्योऽस्य प्रकीर्तितः ।
तदेतद्भावसंशुद्धेः कारणं परमं मतम् ॥ योगबिन्दु गाथा—४००

(૧) શ્રી મહાવીર ભગવાનનો જીવ નયસારના ભવમાં સમ્યક્ત્વ પામ્યા પછી ત્રીજા ભવે **શ્રી ઋષભદેવસ્વામીના** પૌત્ર અને **ભરત** ચક્રવર્તિના પુત્ર '**મરીચિ**' તરીકે ઉત્પન્ન થયો. તેણે **શ્રી ઋષભદેવસ્વામી** પાસે દીક્ષા લીધી અને સામાયિક આદિ ૧૧ અંગોનો અભ્યાસ કર્યો, તે વાત જણાવવાને પ્રસંગે નિર્યુક્તિકાર ભગવાન શ્રી ભદ્રબાહુસ્વામિજી આવશ્યકસૂત્રની નિર્યુક્તિમાં ફરમાવે છે, કે—

'मरिई वि सामिपासे विहरइ तवसंजमसमग्गो ।
सामाइयमाईयं इक्कारसमाउ जाव अंगाउ ।
उज्जुत्तो भत्तिगओ अहिज्जिओ सो गुरुसगासे ॥'

आ. नि. गाथा ३६-३७

તપ અને સંયમથી સહિત એવા મરીચિ, સ્વામીની સાથે વિચરે છે. ઉદ્યમી અને ભક્તિમાન એવા તે ગુરુ પાસે સામાયિકથી માંડીને અગિયાર અંગ પર્યંત ભણ્યા.

(૨) 'જ્ઞાતધર્મકથા' નામના છઠ્ઠા અંગમાં નીચેના ઉલ્લેખો છે: 'શૈલકજ્ઞાત' નામે પાંચમા અધ્યયનમાં કહ્યું છે, કે—

(क) 'ત્યારબાદ તે '**થાવચ્ચાપુત્ર**' **શ્રી નેમિનાથ**સ્વામીના તથાપ્રકારના ગુણવિશિષ્ટ સ્થવિરો પાસે સામાયિકાદિ ચૌદ પૂર્વોનો અભ્યાસ કરે છે.'

(ख) × × × તે પછી મુંડ થઈને દીક્ષા અંગીકાર કર્યા બાદ 'શુક' નામના મહર્ષિ સામાયિકથી માંડીને ચૌદ પૂર્વોનું અધ્યયન કરે છે.

(ग) 'શૈલક' નામના રાજા પણ 'શુક' નામના મહર્ષિ પાસે ધર્મનું શ્રવણ કરીને દીક્ષા અંગીકાર કરે છે તથા સામાયિક આદિ ૧૧ અંગોનો અભ્યાસ કરે છે.

મુજબ અધિકાર છે—(તેરમા જિનપતિ **શ્રીવિમલનાથસ્વામીના** શાસનમાં તે થયા છે.)—

'તે વાર પછી **શ્રીમહાબલ** નામના અણગાર **શ્રીધર્મઘોષ** નામના અણગારની પાસે સામાયિક આદિ ચૌદ પૂર્વો ભણે છે.

(૪) **ભગવતી**સૂત્રના બીજા શતકના પ્રથમ ઉદ્દેશામાં શ્રી 'સ્કંદચરિત'નું વર્ણન નીચે મુજબ છે :—

તે 'સ્કંદક' નામના અણગાર શ્રમણ ભગવાન મહાવીરના તથારૂપ સ્થવિરો પાસે સામાયિકાદિ અગિયાર અંગોનું અધ્યયન કરે છે.'

એ રીતે, **શ્રી ઋષભદેવસ્વામીથી** આરંભીને **શ્રી વર્ધમાનસ્વામી** પર્યંત બધા તીર્થપતિઓના સાધુઓ, સામાયિક જેની આદિમાં છે, એવાં અગિયાર અંગો અને ચૌદ પૂર્વોનો, નિયમિત અભ્યાસ કરે છે. તે એમ સૂચવે છે, કે—"દરેક મુનિઓને સામાયિક આદિ આવશ્યકોનું અધ્યયન નિયત છે." કારણ કે-પંચાચારની શુદ્ધિનું તે અનન્ય સાધન છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ આત્માના ગુણો શાશ્વત છે, અને તેને મલિન કરનાર કર્મનું આવરણ અનાદિકાળનું છે. તે આવરણ હઠાવનાર અને મલિનતા દૂર કરનાર ઉપાય પણ શાશ્વત જોઈએ, તેથી

મુખ્ય અધિકાર છે—(તેરમા જિનપતિ **શ્રીવિમલનાથસ્વામીના** શાસનમાં તે થયા છે.)—

'તે વાર પછી **શ્રીમહાબલ** નામના અણગાર **શ્રીધર્મઘોષ** નામના અણગારની પાસે સામાયિક આદિ ચૌદ પૂર્વો ભણે છે.

(૪) **ભગવતી**સૂત્રના બીજા શતકના પ્રથમ ઉદ્દેશામાં શ્રી 'સ્કંદકચરિત'નું વર્ણન નીચે મુજબ છે:—

તે 'સ્કંદક' નામના અણગાર શ્રમણ ભગવાન મહાવીરના તથારૂપ સ્થવિરો પાસે સામાયિકાદિ અગિયાર અંગોનું અધ્યયન કરે છે.'

એ રીતે, **શ્રી ઋષભદેવસ્વામીથી** આરંભીને **શ્રી વર્ધમાન-સ્વામી** પર્યંત બધા તીર્થપતિઓના સાધુઓ, સામાયિક જેની આદિમાં છે, એવાં અગિયાર અંગો અને ચૌદ પૂર્વોનો, નિયમિત અભ્યાસ કરે છે. તે એમ સૂચવે છે, કે—"દરેક મુનિઓને સામાયિક આદિ આવશ્યકોનું અધ્યયન નિયત છે." કારણ કે ધર્મઆચારની શુદ્ધિનું તે અનન્ય સાધન છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ આત્માના ગુણો શાશ્વત છે, અને તેને મલિન કરનાર કર્મનું આવરણ અનાદિકાળનું છે. તે આવરણ હઠાવનાર અને મલિનતા દૂર કરનાર ઉપાય પણ શાશ્વત હોવો જોઈએ. તેથી પ્રત્યેક તીર્થંકરના શાસનમાં તે અવશ્ય હોય જ. એ રીતે આવશ્યક અને પ્રતિક્રમણ ક્રિયાની ઉપયોગિતા તીર્થંકરદેવોએ સ્થાપિત કરેલી છે અને ચતુર્વિધ સંઘે પ્રતિદિનની સામાચારીમાં તેને માન્ય કરેલી છે. કુદરતનો પણ તે જ ક્રમ છે. અશુદ્ધ આત્માઓને શીઘ્ર મોક્ષ પ્રાપ્ત કરવા માટેનો તે પ્રતિદિનનો વ્યાયામ છે. શારીરિક વ્યાયામ જેમ શરીરને તંદુરસ્તી અર્પે છે, તેમ આ આત્મિક વ્યાયામ આત્માને આત્મતંદુરસ્તી અર્પે છે. કહ્યું છે કે—શરીરમાં દર્દ[illegible] ઉત્પન્ન કરવાને સમર્થ જે શુભ ક્રિયા સામાયિક* આદિ સેવાય છે તે અભ્યન્તર વ્યાયામ છે.

---

* दुरितनिरोधकारिणः शुभा या क्रियाः सामायिकाद्यावश्यकादयस्ता अभ्यन्तर व्यायामः । — तत्त्वार्थ सिद्धसेनीय टीका—[illegible]

શંકા ૮: એક પ્રતિક્રમણને બદલે પાંચ પ્રતિક્રમણ કેમ?

સમાધાન: પ્રતિક્રમણ એ દોષશુદ્ધિ અને ગુણપુષ્ટિની ક્રિયા છે. દોષ એટલે કચરો. આત્મારૂપી ઘરની અંદર કર્મના સંબંધથી દોષરૂપી કચરો (Foreign matter) નિરંતર એકઠો થાય છે. તેને દર પખવાડિયે, દર ચાતુર્માસીએ અને દર સંવત્સરીએ વધારે પ્રયત્નપૂર્વક સાફ કરવાથી જ દૂર થઈ શકે છે. તેથી શાસ્ત્રકારોએ દૈવસિક, રાત્રિક, પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક એમ પાંચ પ્રતિક્રમણ ફરમાવ્યાં છે, તેમાં પ્રથમ દૈવસિક પ્રતિક્રમણ ફરમાવવાનું કારણ એ છે, કે—તીર્થની સ્થાપના દિવસે થાય છે અને તીર્થની સ્થાપનાના પ્રારંભથી જ પ્રતિક્રમણ કરવાનું હોય છે. કહ્યું છે, કે—

'અહીં, તીર્થ દિવસપ્રધાન છે, અર્થાત્ તીર્થની ઉત્પત્તિ દિવસે થાય છે, માટે પ્રથમ પ્રતિક્રમણ પણ દૈવસિક જ હોય છે.*'

તીર્થ-સ્થાપના થાય, તે દિવસથી જ શ્રીગણધર ભગવંતો પણ નિયમિત પ્રતિક્રમણ કરે છે. એ રીતે જે દિવસે શાસન સ્થપાય તે દિવસથી જ આવશ્યકસૂત્રની આવશ્યકતા પડે છે. તેથી એ વાત પણ સિદ્ધ થાય છે, કે—**આવશ્યકસૂત્ર ખુદ ગણધરરચિત** જ છે, પણ અન્યરચિત નથી.

શંકા ૯: પ્રતિક્રમણ તો ક્રિયારૂપ છે, તેથી તેના વડે અધ્યાત્મની સિદ્ધિ શી રીતે થાય?

સમાધાન: અધ્યાત્મનું ઉપરચોટિયું જ સ્વરૂપ સમજનારને આ શંકા થાય છે. અધ્યાત્મનું વાસ્તવિક સ્વરૂપ સમજનારને તો પ્રતિક્રમણની સમગ્ર ક્રિયા અધ્યાત્મસ્વરૂપ જ ભાસે છે. 'અધ્યાત્મ' શબ્દનો

* इह यस्माद्दिवसादि तीर्थं दिवसप्रधानं च तस्माद्दैवसिकमादावि‌ति।
आ. नि.

શંકા ૮: એક પ્રતિક્રમણને બદલે પાંચ પ્રતિક્રમણ કેમ?

સમાધાન: પ્રતિક્રમણ એ દોષશુદ્ધિ અને ગુણપુષ્ટિની ક્રિયા છે. દોષ એટલે કચરો. આત્મારૂપી ઘરની અંદર કર્મના સંબંધથી દોષરૂપી કચરો (Foreign matter) નિરંતર એકઠો થાય છે. તેને દર પખવાડિયે, દર ચાતુર્માસીએ અને દર સંવત્સરીએ વધારે પ્રયત્નપૂર્વક સાફ કરવાથી જ દૂર થઈ શકે છે. તેથી શાસ્ત્રકારોએ દૈવસિક, રાત્રિક, પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક એમ પાંચ પ્રતિક્રમણ ફરમાવ્યાં છે, તેમાં પ્રથમ દૈવસિક પ્રતિક્રમણ ફરમાવવાનું કારણ એ છે, કે—તીર્થની સ્થાપના દિવસે થાય છે અને તીર્થની સ્થાપનાના પ્રારંભથી જ પ્રતિક્રમણ કરવાનું હોય છે. કહ્યું છે, કે—

'અહીં, તીર્થ દિવસપ્રધાન છે, અર્થાત્ તીર્થની ઉત્પત્તિ દિવસે થાય છે, માટે પ્રથમ પ્રતિક્રમણ પણ દૈવસિક જ હોય છે.*'

તીર્થ-સ્થાપના થાય, તે દિવસથી જ શ્રીગણધર ભગવંતો પણ નિયમિત પ્રતિક્રમણ કરે છે. એ રીતે જે દિવસે શાસન સ્થપાય તે દિવસથી જ આવશ્યકસૂત્રની આવશ્યકતા પડે છે. તેથી એ વાત પણ સિદ્ધ થાય છે, કે—**આવશ્યકસૂત્ર ખુદ ગણધરરચિત** જ છે, પણ અન્યરચિત નથી.

શંકા ૯: પ્રતિક્રમણ તો ક્રિયારૂપ છે, તેથી તેના વડે અધ્યાત્મની સિદ્ધિ શી રીતે થાય?

સમાધાન: અધ્યાત્મનું ઉપરચોટિયું જ સ્વરૂપ સમજનારને આ શંકા થાય છે. અધ્યાત્મનું વાસ્તવિક સ્વરૂપ સમજનારને તો પ્રતિક્રમણની સમગ્ર ક્રિયા અધ્યાત્મસ્વરૂપ જ ભાસે છે. 'અધ્યાત્મ' શબ્દનો

* इह यस्माद्दिवसादि तीर्थं दिवसप्रधानं च तस्माद्दैवसिकमादाविति।
आ नि

શંકા ૧૦: પ્રતિક્રમણની ક્રિયામાં યોગ ક્યાં છે?

સમાધાન: સાચો યોગ મોક્ષસાધક જ્ઞાન અને ક્રિયા ઉભયસ્વરૂપ છે. ભગવાન શ્રી **હરિભદ્રસૂરિજી યોગવિંશિકા** નામના ગ્રન્થ-રત્નમાં ફરમાવે છે, કે—

'मुक्खेण जोयणाओ, जोगो सव्वो वि धम्मवावारो ।'

અથવા–ઉપાધ્યાય ભગવંત શ્રી યશોવિજયજી મહારાજ ફરમાવે છે તેમ—

'मोक्षेण योजनाद्योगः सर्वोऽप्याचार इष्यते ।'

અને પરમ સુખસ્વરૂપ મોક્ષની સાથે જોડનાર–સંબંધ કરાવી આપનાર—સર્વ પ્રકારનો ધર્મવ્યાપાર–સર્વ પ્રકારનું ધર્મઆચરણ, એ યોગ છે. બીજા શબ્દોમાં 'મોક્ષકારણીભૂત આત્મવ્યાપાર' એ જ ખરેખર યોગ છે. અથવા 'धर्मव्यापारत्वमेव योगत्वम्' । ધર્મવ્યાપાર-પણું એ જ યોગનું ખરેખરું લક્ષણ છે. એ લક્ષણ પ્રતિક્રમણની ક્રિયામાં સાંગોપાંગ લાગુ પડે છે, તેથી પ્રતિક્રમણની ક્રિયા એ સાચી યોગસાધના છે. તે સિવાય કેવળ આસન, કેવળ પ્રાણાયામ કે કેવળ 'ધ્યાન' ધારણા સમાધિ'ની ક્રિયા એ મોક્ષસાધક યોગસ્વરૂપ બને એવો નિયમ નથી. મોક્ષના ધ્યેયથી થતી અષ્ટાંગયોગની પ્રવૃત્તિને જૈનાચાર્યોએ માન્ય રાખેલી છે, તોપણ તેમાં જે દોષો અને ભયસ્થાનો રહેલાં છે, તે પણ સાથે જ બતાવ્યાં છે.* જૈનસિદ્ધાંત કહે છે કે—"કોઈ પણ આસન, કોઈ પણ સ્થાન કે કોઈ પણ મુદ્રાએ, કોઈ પણ કાળે અને કોઈ પણ ક્ષેત્રે તથા કોઈ પણ (બેઠાં, ઊભાં કે સૂતાં) અવસ્થાએ મુનિઓ કેવળજ્ઞાન અને મોક્ષ પામી શકે છે. તે સંબંધી કોઈ પણ એક ચોક્કસ નિયમ નથી.

* न च ध्यानासनादिहठयोगाभ्यासविरहेऽपि परमेष्ठिपदं न सिध्येत् यतोऽपि 'झाणं न निबद्ध' (आ. नि. गा [illegible]) इत्यागमेन सम्यग्ज्ञानदर्शनेन मुक्तेः तस्य निषिद्धत्वात् ।

पातंजल योगदर्शन पाद–२ पृ–[illegible] टीका.

* 'જે જ્ઞાન [illegible] ક્રિયા [illegible] અધ્યાત્મ [illegible] છે, [illegible] નિર્દંભ આચારવાળા [illegible] વધતું જાય છે.'

ક્રિયાને કેવળ કાયાની જ ગણીને જેઓ જ્ઞાનને જ 'અધ્યાત્મ' માને છે તેઓનું જ્ઞાન નિર્દંભ બનવું સંભવિત નથી. કારણ કે - છદ્મસ્થ અવસ્થામાં મન ભળ્યા વિના કેવળ કાયાથી આપોઆપ ક્રિયા થઈ શકતી નથી. સશરીરી અવસ્થામાં જેમ માનસિક ક્રિયા કેવળ આત્માથી થઈ શકતી નથી, તેમ કાયાની કે વાણીની ક્રિયા કેવળ કાયા કે કેવળ વાણીથી થઈ શકતી નથી. વાણીનો વ્યાપાર કાયાની અપેક્ષા રાખે છે, અને મનનો વ્યાપાર પણ કાયાની અપેક્ષા રાખે છે. તેથી જ રીતે મનનો વ્યાપાર જેમ આત્માની અપેક્ષા રાખે છે, તેમ વાણી અને કાયાનો વ્યાપાર પણ આત્માની અપેક્ષા રાખે છે. આત્મપ્રદેશોનું કંપન થયા વિના મન, વચન કે કાયા, ત્રણમાંથી એકે ય યોગ પોતાની પ્રવૃત્તિ કરી શકતો નથી. તેથી, ત્રણે ય યોગોવડે થતી શુભ કે અશુભ ક્રિયા આત્મા જ કરે છે, પણ આત્માને છોડીને કેવળ પુદ્ગલ કરતું નથી, એમ માનનારા જ નિર્દંભ રહી શકે છે. જૈનમતમાં "અધ્યાત્મ"ના નામે થોડો પણ દમ્ભ નભી ન શકતો હોય તો તેનું કારણ આ જ છે. છતાં જેઓ **વેદાન્ત** કે **સાંખ્યમત**ની જેમ આત્મા કે જીવને સશરીરી અવસ્થામાં પણ સર્વથા નિત્ય કે પુષ્કરપત્રવત્ નિર્લેપ માને છે, તેઓના જીવનમાં વહેલા કે મોડા દમ્ભનો પ્રવેશ થયા સિવાય રહેતો નથી. શુદ્ધ અધ્યાત્મ જ્ઞાન અને ક્રિયા ઉભયના સમન્વયમાં છે. પ્રતિક્રમણની ક્રિયામાં પાણી અને તેના રસની માફક કે દૂધ અને તેની મીઠાશની માફક જ્ઞાન અને ક્રિયા ઓતપ્રોત મળી ગયેલી છે, તેથી તે નિર્દોષ અધ્યાત્મ છે.

---

* अतो ज्ञानक्रियारूप-मध्यात्मं व्यवतिष्ठते ।
एतत्प्रवर्धमानं स्यान्निर्दम्भाचारशालिनाम् ॥ १ ॥

अध्यात्मसार अधि० २ श्लोक–२९

ભગવાન શ્રીહરિભદ્રસૂરિજી ફરમાવે છે, કે—

" આ જિનોક્ત છે, આપ્તપ્રણીત છે, એવા પ્રકારની ભક્તિ અને બહુમાનપૂર્વક દ્રવ્યથી (અર્થાત્ લોભલાલચથી) પણ ગ્રહણ કરાતું પ્રત્યાખ્યાન ભાવપ્રત્યાખ્યાન (અર્થાત્ શુદ્ધિપ્રત્યાખ્યાન)નું કારણ બને છે.*"

કારણ કે—આ જિનેશ્વરોએ કહેલ છે, એવા પ્રકારના બહુમાનનો આશય દ્રવ્યપ્રત્યાખ્યાનના હેતુભૂત અવિધિ, અપરિણામ, લોભ-લાલચ, મંદોત્સાહ આદિ દોષોને દૂર કરી દે છે.

" પ્રતિક્રમણની ક્રિયા જિનપ્રણીત છે, આપ્તાગમમાં કહેલી છે તથા તે કર્મના ક્ષયનો હેતુ છે," એવા પ્રકારની શ્રદ્ધાપૂર્વક જેઓ તે ક્રિયા કરે છે તેઓની ક્રિયામાં અવિધિ આદિ દોષો રહેલા હોય, તોપણ તે કાલક્રમે નાશ પામે છે. જિનાજ્ઞારાધનરૂપી આ મહાન લાભ પ્રતિક્રમણની ક્રિયા કરનારાઓને મળે છે. માત્ર તે જોવાની દૃષ્ટિ નહિ હોવાના કારણે જ તે દેખાતો નથી.

હવે તે ક્રિયાનો લાભ જોવાની બીજી એક દૃષ્ટિ છે, તે એ કે " પ્રતિક્રમણની ક્રિયા દોષની શુદ્ધિ અને ગુણની વૃદ્ધિ માટે છે, તો તે કરનારના દોષ કેટલા ટળ્યા ? અને ગુણ કેટલા વધ્યા ?" પરન્તુ ક્રિયાના આ લાભ જોવાની દૃષ્ટિ ઘણી જોખમી છે, કારણ કે ગુણ અને દોષ એ માનસિક વસ્તુ છે. બીજાના માનસિક ભાવોને જોવાનું સામર્થ્ય છદ્મસ્થમાં છે નહિ. તેમ કરવા જતાં વ્યવહારનો વિલોપ થાય છે. વ્યવહારના વિલોપથી તીર્થનો જ વિલોપ થાય છે. શાસ્ત્રકાર મહર્ષિઓએ ફરમાવ્યું છે, કે—

* जिनोक्तमिति सद्भक्त्या, ग्रहणे द्रव्यतोऽप्यदः ।
बाध्यमानं भवेद्भाव-प्रत्याख्यानस्य कारणम् ॥
हारिभद्र अष्टक ८ श्लोक—८.

નિયમ એકમાત્ર પરિણામની શુદ્ધિનો ભાવ ભાવની અવસ્થાઓ કે
પરિણામની શુદ્ધિ કે ભાવની અવસ્થા કે જીવ ભાવ તે જીવ તત્ત્વ :
કર્મક્ષય કે મોક્ષમાર્ગનો અનન્ય ઉપાય છે અને તે જ વાસ્તવિક
યોગ છે." પ્રતિક્રમણની ક્રિયા એ પરિણામની શુદ્ધિ અને મોક્ષ
સાધવાનો અનન્ય ઉપાય છે. તેથી તે પણ એક પ્રકારનો યોગ છે એ
મોક્ષનો હેતુ છે.

શંકા ૨૨ : પ્રતિક્રમણની ક્રિયાના જે લાભ બતાવવામાં આવે છે તે સત્ય જ હોય તો તે ક્રિયા કરનાર વર્ગમાં દેખાતા કેમ નથી?

સમાધાન : એનો આધાર દેખનાર (તપાસનાર)ની દૃષ્ટિ ઉપર છે. દેખનાર (તપાસનાર) જે દૃષ્ટિથી જુએ તે દૃષ્ટિ મુજબ તેને ગુણ કે દોષ ભાસે છે. પ્રતિક્રમણની ક્રિયા તપાસનારે કઈ દૃષ્ટિથી તેને જોવી જોઈએ એનો નિર્ણય પ્રથમ કરવો જોઈએ. આપણે જોઈ આવ્યા, કે—"પ્રતિક્રમણની ક્રિયા જિનેશ્વર ભગવંતોએ મુમુક્ષુ આત્માઓ માટે અવશ્ય કર્તવ્ય તરીકે નિયુક્ત કરેલી છે, અને એ ક્રિયા કરવા માટેનાં સૂત્રો ખુદ ગણધર ભગવંતોએ તીર્થની સ્થાપનાના પ્રથમ દિવસે જ રચેલાં છે તથા તેની વિધિયુક્ત આરાધના પણ તે જ દિવસથી ચતુર્વિધ સંઘ પોતપોતાના અધિકાર મુજબ નિરપવાદપણે કરે છે." શાસ્ત્રદૃષ્ટિએ મોટામાં મોટો લાભ તો સૌથી પ્રથમ આ પ્રભુ-આજ્ઞાના પાલનનો છે. 'मण्ह जिणाणं आणं'। જિનેશ્વરોની આજ્ઞાને માનો.' 'धम्मो आणाए पडिबद्धो।' 'ધર્મ આજ્ઞાથી બંધાયેલો છે' 'आणाए धम्मो'। 'આજ્ઞાથી જ ધર્મ છે.' પ્રતિક્રમણની ક્રિયામાં શ્રી જિનેશ્વરોની આજ્ઞાને પાલન કરવાનો અધ્યવસાય એ જ મોટામાં મોટો લાભ છે, એ જ મોટામાં મોટી ભાવશુદ્ધિ છે. આજ્ઞાપાલનના અધ્યવસાયપૂર્વક જેઓ પ્રતિક્રમણની ક્રિયા તો શું પણ જિનમતનું એક નાનામાં નાનું ધર્માનુષ્ઠાન આચરે છે, તેઓને થતા લાભની કોઈ સીમા નથી.

ભગવાન શ્રીહરિભદ્રસૂરિજી ફરમાવે છે, કે—

"આ જિનોક્ત છે, આપ્તપ્રણીત છે, એવા પ્રકારની ભક્તિ અને બહુમાનપૂર્વક દ્રવ્યથી (અર્થાત્ લોભલાલચથી) પણ ગ્રહણ કરાતું પ્રત્યાખ્યાન ભાવપ્રત્યાખ્યાન (અર્થાત્ શુદ્ધિપ્રત્યાખ્યાન)નું કારણ બને છે.*"

કારણ કે—આ જિનેશ્વરોએ કહેલ છે, એવા પ્રકારના બહુમાનનો આશય દ્રવ્યપ્રત્યાખ્યાનના હેતુભૂત અવિધિ, અપરિણામ, લોભ-લાલચ, મંદોત્સાહ આદિ દોષોને દૂર કરી દે છે.

"પ્રતિક્રમણની ક્રિયા જિનપ્રણીત છે, આપ્તાગમમાં કહેલી છે તથા તે કર્મના ક્ષયનો હેતુ છે," એવા પ્રકારની શ્રદ્ધાપૂર્વક જેઓ તે ક્રિયા કરે છે તેઓની ક્રિયામાં અવિધિ આદિ દોષો રહેલા હોય, તોપણ તે કાલક્રમે નાશ પામે છે. જિનાજ્ઞારાધનરૂપી આ મહાન લાભ પ્રતિક્રમણની ક્રિયા કરનારાઓને મળે છે. માત્ર તે જોવાની દૃષ્ટિ નહિ હોવાના કારણે જ તે દેખાતો નથી.

હવે તે ક્રિયાનો લાભ જોવાની બીજી એક દૃષ્ટિ છે, તે એ કે "પ્રતિક્રમણની ક્રિયા દોષની શુદ્ધિ અને ગુણની વૃદ્ધિ માટે છે, તો તે કરનારના દોષ કેટલા ટળ્યા? અને ગુણ કેટલા વધ્યા?" પરન્તુ ક્રિયાના આ લાભ જોવાની દૃષ્ટિ ઘણી જોખમી છે, કારણ કે ગુણ અને દોષ એ માનસિક વસ્તુ છે. બીજાના માનસિક ભાવોને જોવાનું સામર્થ્ય છદ્મસ્થમાં છે નહિ. તેમ કરવા જતાં વ્યવહારનો વિલોપ થાય છે. વ્યવહારના વિલોપથી તીર્થોનો જ વિલોપ થાય છે. શાસ્ત્રકાર મહર્ષિઓએ ફરમાવ્યું છે, કે—

---

* जिनोक्तमिति सद्भक्त्या, ग्रहणे द्रव्यतोऽप्यदः ।
बाध्यमानं भवेद्भाव-प्रत्याख्यानस्य कारणम् ॥
हारिभद्र अष्टक ८ श्लोक—८.

જ્યાં સત્યનો જ નાશ થાય છે. અહીં સત્ય એટલે તીર્થના આરાધનથી થતો આત્મિક ફાયદો અર્થાત્ મોક્ષ સમજવાનું છે. તે માટે પોતાના ભાવોનું નિરીક્ષણ અવશ્ય કરવું જોઈએ. ક્રિયા કરવા છતાં પોતાના ભાવો સુધરતા ન હોય, તો તે ક્રિયાને દ્રવ્યક્રિયા, સ્વકાર્ય કરવાને અસમર્થ એવી તુચ્છક્રિયા માનવી જોઈએ. તે ક્રિયા કાં તો વિષક્રિયા હોવી જોઈએ, ગરલક્રિયા હોવી જોઈએ કે સમ્મૂર્છિમ ક્રિયા હોવી જોઈએ.

આલોકના પૌદ્ગલિક ફલની આકાંક્ષાથી થતી ક્રિયા વિષક્રિયા છે. પરલોકના પૌદ્ગલિક ફલની આકાંક્ષાથી થતી તે જ ક્રિયા ગરલક્રિયા છે, અને આલોક કે પરલોકના ફલની આકાંક્ષા ન હોય તોપણ શૂન્યચિત્તે, અમનસ્કપણે કે અનાભોગથી થતી ક્રિયા એ સંમૂર્છિમ ક્રિયા છે. ક્રિયાના તે દોષો દૂર કરી, ઉપયોગયુક્ત બની, નિરાશંસભાવે, કેવળ મુક્તિ અને કર્મક્ષયના ઇરાદે ક્રિયા કરવી જોઈએ અથવા "શ્રી જિનેશ્વર ભગવંતની ભવોચ્છેદક, ત્રિભુવનજન માન્ય, પરમ પ્રકૃષ્ટ આજ્ઞાના પાલનની ખાતર ક્રિયા કરવી જોઈએ." તેથી ભાવ સુધરે છે, ગુણ વિકસે છે અને દોષ ટળે છે: એટલા માટે **શ્રી હરિભદ્રસૂરિ** આદિ સૂરિપુંગવોએ સર્વધર્મવ્યાપારને મોક્ષનું કારણ કહેવા છતાં તેની સાથે 'પરિશુદ્ધ' એવું વિશેષણ લગાડેલું છે.

'પરિશુદ્ધ એવો ધર્મવ્યાપાર' મોક્ષનું કારણ છે. ત્યાં 'પરિશુદ્ધ' એટલે આશયની વિશુદ્ધિવાળો. ક્રિયાના પાંચ પ્રકારના આશય 'ષોડશક' આદિ ગ્રન્થોમાં બતાવ્યા છે. તેમાં પ્રથમ 'પ્રણિધાન' છે. પ્રણિધાન એટલે કર્તવ્યતાનો ઉપયોગ, આ મારું કર્તવ્ય છે એવી બુદ્ધિ. એ બુદ્ધિ શાસ્ત્ર ઉપરના બહુમાનથી ઉત્પન્ન થાય છે, કારણ કે શાસ્ત્રના આદિકર્તા અરિહંતદેવ છે. તેથી પ્રત્યેક ક્રિયા કરતી વખતે "આ ક્રિયા બતાવનાર શાસ્ત્ર છે, અને એ શાસ્ત્રના આદિ પ્રકાશક—આદ્ય પુરુષ શ્રી અરિહંત છે." એ જાતિનું પ્રણિધાન રહેવાથી કર્તવ્યભાવના સતેજ

આચારાંગ અને તેના ઉપર નિર્યુક્તિ આદિના બનાવનાર મહર્ષિઓ ઉપર અંતરનાં બહુમાન જાગ્રત થાય અને તે પણ ગ્રન્થોને વાંચવાની તથા ભણવાની જિજ્ઞાસા ઉત્પન્ન થાય, તથા પ્રતિક્રમણની આત્મવિશોધક આવશ્યક ક્રિયાને નિત્ય આચરવાની સૌ કોઈને સુંદર બુદ્ધિ જાગે, તો લેખક, યોજક તથા અન્ય સર્વ સહાયકોનો પ્રયાસ સફળ થયો લેખાશે.

વિ. સં. ૨૦૦૭, વૈશાખ સુદિ ૫. શુક્રવાર.

પં. ભદ્રંકરવિજયગણી,
પં. ધુરન્ધરવિજયગણી.

વ્યુત્પત્ત્યર્થ અને રૂઢ્યર્થ બન્નેને સમજાવવાને પ્રસંગે ઉપાધ્યાય શ્રીમદ્ **યશોવિજયજી** મહારાજ ફરમાવે છે. કે—

'આત્માને ઉદ્દેશીને જે પંચાચારનું પાલન થાય તે અધ્યાત્મ છે.' બીજી વ્યાખ્યામાં 'બાહ્ય વ્યવહારથી ઉપબૃંહિત મૈત્ર્યાદિયુક્ત ચિત્ત તે અધ્યાત્મ છે.'*

આ બન્ને ય વ્યાખ્યામાં જ્ઞાન અને ક્રિયા ઉભયને અધ્યાત્મ માનેલું છે. એકલી ક્રિયા જેમ અધ્યાત્મ નથી તેમ એકલું જ્ઞાન પણ અધ્યાત્મ નથી. એ જ વાત સ્પષ્ટ કરી પોતે કહે છે, કે—

'મોહનો અધિકાર જે આત્માઓ ઉપરથી ચાલ્યો ગયો છે, એવા આત્માઓની આત્માને ઉદ્દેશીને શુદ્ધ ક્રિયા, તેને જિનેશ્વરો અધ્યાત્મ કહે છે.+'

આગળ ચાલતાં તેઓ ફરમાવે છે કે—"જેમ પાંચે ય પ્રકારના ચારિત્રોમાં 'સામાયિક ચારિત્ર' રહેલું છે, તેમ સર્વ પ્રકારના મોક્ષસાધક વ્યાપારોમાં 'અધ્યાત્મ' અનુગત છે."

છેલ્લે છેલ્લે તેઓ સ્પષ્ટ કરે છે, કે—

---

* आत्मानमधिकृत्य स्याद्, यः पञ्चाचारचारिमा ।
शब्दयोगार्थनिपुणास्तदध्यात्मं प्रचक्षते ॥
रूढ्यर्थनिपुणास्त्वाहुश्चित्तं मैत्र्यादिवासितम् ।
अध्यात्मं निर्मलं बाह्य-व्यवहारोपबृंहितम् ॥

अध्यात्मोपनिषत् प्रकरणम्—श्लोक–२-३

\+ गतमोहाधिकाराणा-मात्मानमधिकृत्य या ।
प्रवर्तते क्रिया शुद्धा, तदध्यात्मं जगुर्जिनाः ॥

अध्यात्मसार अधिकार २. श्लोक–२.

'એ કારણે - જ્ઞાન-ક્રિયા ઉભયરૂપ અધ્યાત્મ છે, અને તે નિર્દંભ આચારવાળા પુરુષોને જ વૃદ્ધિ પામે છે.'*

ક્રિયાને કેવળ કાયાની ચેષ્ટા કહીને જેઓ જ્ઞાનને જ 'અધ્યાત્મ' માને છે તેઓનું જ્ઞાન નિર્દંભ બનતું સંભવિત નથી, કારણ કે— છદ્મસ્થ અવસ્થામાં મન ભળ્યા વિના કેવળ કાયાથી સ્વતંત્રપણે ક્રિયા થઈ શકતી નથી. સશરીરી અવસ્થામાં જેમ માનસિક ક્રિયા કેવળ આત્માથી થઈ શકતી નથી, તેમ કાયાની કે વાણીની ક્રિયા કેવળ કાયા કે કેવળ વાણીથી થઈ શકતી નથી. વાણીનો વ્યાપાર કાયાની અપેક્ષા રાખે છે, અને મનનો વ્યાપાર પણ કાયાની અપેક્ષા રાખે છે. તેની જ રીતે મનનો વ્યાપાર જેમ આત્માની અપેક્ષા રાખે છે, તેમ વાણી અને કાયાનો વ્યાપાર પણ આત્માની અપેક્ષા રાખે છે. આત્મપ્રદેશોનું કંપન થયા વિના મન, વચન કે કાયા, ત્રણમાંથી એકે ય યોગ પોતાની પ્રવૃત્તિ કરી શકતો નથી. તેથી, ત્રણે ય યોગોવડે થતી શુભ કે અશુભ ક્રિયા આત્મા જ કરે છે, પણ આત્માને છોડીને કેવળ પુદ્ગલ કરતું નથી, એમ માનનારા જ નિર્દંભ રહી શકે છે. જૈનમતમાં "અધ્યાત્મ"ના નામે થોડો પણ દમ્ભ નભી ન શકતો હોય તો તેનું કારણ આ જ છે. છતાં જેઓ **વેદાન્ત** કે **સાંખ્યમત**ની જેમ આત્મા કે જીવને સશરીરી અવસ્થામાં પણ સર્વથા નિત્ય કે પુષ્કરપત્રવત્ નિર્લેપ માને છે, તેઓના જીવનમાં વહેલા કે મોડા દમ્ભનો પ્રવેશ થયા સિવાય રહેતો નથી. શુદ્ધ અધ્યાત્મ જ્ઞાન અને ક્રિયા ઉભયના સમન્વયમાં છે. પ્રતિક્રમણની ક્રિયામાં પાણી અને તેના રસની માફક કે દૂધ અને તેની મીઠાશની માફક જ્ઞાન અને ક્રિયા ઓતપ્રોત મળી ગયેલી છે, તેથી તે નિર્દોષ અધ્યાત્મ છે.

---

* अतो ज्ञानक्रियारूप-मध्यात्मं व्यवतिष्ठते ।
एतत्प्रवर्धमानं स्यान्निर्दम्भाचारशालिनाम् ॥ १ ॥

अध्यात्मसार अधि० २ श्लोक–२९

શંકા ૧૦ : પ્રતિક્રમણની ક્રિયામાં યોગ ક્યાં છે ?

સમાધાન : સાચો યોગ મોક્ષસાધક જ્ઞાન અને ક્રિયા ઉભયસ્વરૂપ છે. ભગવાન શ્રી **હરિભદ્રસૂરિજી યોગવિંશિકા** નામના ગ્રન્થ-
રત્નમાં ફરમાવે છે, કે—

'मुक्खेण जोयणाओ, जोगो सव्वो वि धम्मवावारो ।'

અથવા—ઉપાધ્યાય ભગવંત શ્રી યશોવિજયજી મહારાજ ફરમાવે છે તેમ—

'मोक्षेण योजनाद्योगः सर्वोऽप्याचार इष्यते ।'

જીવને પરમ સુખસ્વરૂપ મોક્ષની સાથે જોડનાર—સંબંધ કરાવી
આપનાર—સર્વ પ્રકારનો ધર્મવ્યાપાર—સર્વ પ્રકારનું ધર્મ આચરણ, એ
યોગ છે. બીજા શબ્દોમાં 'મોક્ષકારણીભૂત આત્મવ્યાપાર' એ જ
ખરેખર યોગ છે. અથવા 'धर्मव्यापारत्वमेव योगत्वम्' । ધર્મવ્યાપાર-
પણું એ જ યોગનું ખરેખરું લક્ષણ છે. એ લક્ષણ પ્રતિક્રમણની ક્રિયામાં
સર્વાંશે લાગુ પડે છે. તેથી પ્રતિક્રમણની ક્રિયા એ સાચી યોગસાધના
છે. તે સિવાય કેવળ આસન, કેવળ પ્રાણાયામ કે કેવળ 'ધ્યાન' ધારણા
સમાધિ'ની ક્રિયા એ મોક્ષસાધક યોગસ્વરૂપ બને એવો નિયમ નથી.
[illegible]ના ધ્યેયથી થતી અષ્ટાંગયોગની પ્રવૃત્તિને જૈનાચાર્યોએ માન્ય
રાખેલી છે, તોપણ તેમાં જે દોષો અને ભયસ્થાનો રહેલાં છે, તે પણ
સાથે જ બતાવ્યાં છે.* જૈનસિદ્ધાંત કહે છે કે—"કોઈ પણ આસન,
કોઈ પણ સ્થાન કે કોઈ પણ મુદ્રાએ, કોઈ પણ કાળે અને કોઈ પણ ક્ષેત્રે
તથા કોઈ પણ (બેઠી, ઊભા કે સૂતી) અવસ્થાએ મુનિઓ કેવળજ્ઞાન
અને મોક્ષ પામી શકે છે. તે સંબંધી કોઈ પણ એક ચોક્કસ નિયમ નથી.

* न च [illegible] परमेष्ठिवचने च नियत
[illegible]ऽपि 'जत्थ न निरुंभइ' (आ. नि. गा १५१०) इत्यागमेन
[illegible] बहुले तस्य निषिद्धत्वात् ।

पातंजल योगदर्शन पाद–२ सू—५५ टीका.

નિયમ એકમાત્ર પરિણામની શુદ્ધિનો અને યોગની સરળતાનો છે. પરિણામની શુદ્ધિ કે યોગની સરળતા જ જૈન યોગ તે રીતે વર્ણવ્યું એ કર્મક્ષય કે મોક્ષમાર્ગનો અસાધારણ ઉપાય છે અને તે જ વાસ્તવિક યોગ છે." પ્રતિક્રમણની ક્રિયા એ પરિણામની શુદ્ધિ અને યોગની સરળતાનો અનન્ય ઉપાય છે. તેથી તે પણ એક પ્રકારનો યોગ છે અને મોક્ષનો હેતુ છે.

શંકા ૨૨ : પ્રતિક્રમણની ક્રિયાના જે લાભ બતાવવામાં આવે છે તે સત્ય જ હોય તો તે ક્રિયા કરનાર વર્ગમાં દેખાતા કેમ નથી ?

સમાધાન : એનો આધાર દેખનાર (તપાસનારની)ની દૃષ્ટિ ઉપર છે. દેખનાર (તપાસનાર) જે દૃષ્ટિથી જુએ તે દૃષ્ટિ મુજબ તેને ગુણ કે દોષ મળી આવે છે. પ્રતિક્રમણની ક્રિયા તપાસનારે કઈ દૃષ્ટિથી તેને જોવી જોઈએ એનો નિર્ણય પ્રથમ કરવો જોઈએ. આપણે જોઈ આવ્યા, કે—"પ્રતિક્રમણની ક્રિયા જિનેશ્વર ભગવંતોએ મુમુક્ષુ આત્માઓ માટે અવશ્ય કર્ત્તવ્ય તરીકે નિયુક્ત કરેલી છે, અને એ ક્રિયા કરવા માટેનાં સૂત્રો ખુદ ગણધર ભગવંતોએ તીર્થની સ્થાપનાના પ્રથમ દિવસે જ રચેલાં છે તથા તેની વિધિયુક્ત આરાધના પણ તે જ દિવસથી ચતુર્વિધ સંઘ પોતપોતાના અધિકાર મુજબ નિરપવાદપણે કરે છે." શાસ્ત્રદૃષ્ટિએ મોટામાં મોટો લાભ તો સૌથી પ્રથમ આ પ્રભુ-આજ્ઞાના પાલનનો છે. 'मण्ह जिणाणं आणं'। જિનેશ્વરોની આજ્ઞાને માનો.' 'धम्मो आणाए पडिबद्धो।' 'ધર્મ આજ્ઞાથી બંધાયેલો છે' 'आणाए धम्मो'। 'આજ્ઞાથી જ ધર્મ છે.' પ્રતિક્રમણની ક્રિયામાં શ્રી જિનેશ્વરોની આજ્ઞાને પાલન કરવાનો અધ્યવસાય એ જ મોટામાં મોટો લાભ છે, એ જ મોટામાં મોટી ભાવશુદ્ધિ છે. આજ્ઞાપાલનના અધ્યવસાયપૂર્વક જેઓ પ્રતિક્રમણની ક્રિયા તો શું પણ જિનમતનું એક નાનામાં નાનું ધર્માનુષ્ઠાન આચરે છે, તેઓને થતા લાભની કોઈ સીમા નથી.

ભગવાન શ્રીહરિભદ્રસૂરિજી ફરમાવે છે, કે—

"આ જિનોક્ત છે, આપ્તપ્રણીત છે, એવા પ્રકારની ભક્તિ અને બહુમાનપૂર્વક દ્રવ્યથી (અર્થાત્ લોભલાલચથી) પણ ગ્રહણ કરાતું પ્રત્યાખ્યાન ભાવપ્રત્યાખ્યાન (અર્થાત્ શુદ્ધિપ્રત્યાખ્યાન)નું કારણ બને છે.*"

કારણ કે—આ જિનેશ્વરોએ કહેલ છે. એવા પ્રકારના બહુમાનનો આશય દ્રવ્યપ્રત્યાખ્યાનના હેતુભૂત અવિધિ, અપરિણામ, લોભ-લાલચ, મંદોત્સાહ આદિ દોષોને દૂર કરી દે છે.

"પ્રતિક્રમણની ક્રિયા જિનપ્રણીત છે, આપ્તાગમમાં કહેલી છે તથા તે કર્મના ક્ષયનો હેતુ છે," એવા પ્રકારની શ્રદ્ધાપૂર્વક જેઓ તે ક્રિયા કરે છે તેઓની ક્રિયામાં અવિધિ આદિ દોષો રહેલા હોય, તોપણ તે કાલક્રમે નાશ પામે છે. જિનાજ્ઞારાધનરૂપી આ મહાન લાભ પ્રતિક્રમણની ક્રિયા કરનારાઓને મળે છે. માત્ર તે જોવાની દૃષ્ટિ નહિ હોવાના કારણે જ તે દેખાતો નથી.

હવે તે ક્રિયાનો લાભ જોવાની બીજી એક દૃષ્ટિ છે, તે એ કે "પ્રતિક્રમણની ક્રિયા દોષની શુદ્ધિ અને ગુણની વૃદ્ધિ માટે છે, તો તે કરનારના દોષ કેટલા ટળ્યા? અને ગુણ કેટલા વધ્યા?" પરન્તુ ક્રિયાના આ લાભ જોવાની દૃષ્ટિ ઘણી જોખમી છે, કારણ કે ગુણ અને દોષ એ માનસિક વસ્તુ છે. બીજાના માનસિક ભાવોને જોવાનું સામર્થ્ય છદ્મસ્થમાં છે નહિ. તેમ કરવા જતાં વ્યવહારનો વિલોપ થાય છે. વ્યવહારના વિલોપથી તીર્થનો જ વિલોપ થાય છે. શાસ્ત્રકાર મહર્ષિઓએ ફરમાવ્યું છે, કે—

---

* जिनोक्तमिति सद्‌भक्त्या, ग्रहणं द्रव्यतोऽप्यदः ।
वाध्यमानं भवेद्भाव-प्रत्याख्यानस्य कारणम् ॥
हारिभद्र अष्टक ८ श्लोक—८.

" જો જિનમતને અંગીકાર કરવા માગતા હો તો વ્યવહાર અને નિશ્ચય બેમાંથી એકેયને છોડશો નહિ. કારણ કે વ્યવહારના નિષેધથી તીર્થનો વિચ્છેદ થાય છે અને નિશ્ચયના નિષેધથી સત્યનો વિચ્છેદ થાય છે.* "

વ્યવહાર ક્રિયાપ્રધાન છે. નિશ્ચય ભાવપ્રધાન છે. સાધુની ક્રિયામાં રહેલા સાધુ, સાધુ તરીકે માનવાયોગ્ય છે; પછી ભાવથી તે સાધુ તરીકેના ભાવમાં હોય કે ન હોય, કારણ કે ભાવ તો ક્ષણિક અને અતીન્દ્રિય છે, ક્ષણવારમાં પલટાઈ જાય છે. ભાવના પલટવા માત્રથી સાધુનું સાધુપણું સર્વથા મટી જતું નથી, કારણ કે તે ક્રિયામાં સુસ્થિત છે. જેમ કે પ્રસન્નચંદ્ર રાજર્ષિ ભાવથી સાતમી નારકીના દળિયાં એકઠાં કરતા હતા, પણ ક્રિયાથી સાધુલિંગમાં અને સાધુના આચારમાં હતા, તો તે શ્રેણિક આદિને વંદનીય હતા. ભાવ પલટાતાની સાથે ક્ષણવારમાં સર્વાર્થસિદ્ધ વિમાનને અને ક્ષણવારમાં કેવળજ્ઞાનને યોગ્ય બન્યા. તેથી માનસિક ગુણ-દોષ ઉપરથી જ ક્રિયાના લાભ-અલાભનું માપ કાઢવું કે તેને જ એક માપકયંત્ર બનાવવું તે દોષદૃષ્ટિ છે, દ્વેષદૃષ્ટિ છે અથવા અજ્ઞાનદૃષ્ટિ છે. તે દૃષ્ટિનો ત્યાગ કરીને પ્રતિક્રમણની ક્રિયા જોવામાં આવે તો તે કરનારા પ્રભુ-આજ્ઞાના આરાધક બનતાં દેખાશે, અને પ્રભુ-આજ્ઞાની આરાધના પરિણામે મુક્તિમાર્ગના સાધક તરીકે લાગશે.

હવે ત્રીજી દૃષ્ટિ 'ક્રિયાવડે પોતાના આત્માને લાભ થયો કે ગેરલાભ થયો?' તેને જોવું તે છે. એ દૃષ્ટિ શાસ્ત્રવિહિત છે. બીજાના માનસિક ભાવોનો નિર્ણય કરવો દુષ્કર છે, પણ પોતાના ભાવોનો નિર્ણય કરવો દુષ્કર નથી. તે પણ જોવામાં ન આવે તો તીર્થ ટકાવવા

---

* जइ जिणमयं पवज्जह, ता मा ववहारनिच्छए मुयह ।
इक्केण विणा तित्थं. छिज्जइ अन्नेण उ तच्चं ॥
—भगवती टीका

[illegible]

[illegible] ઇચ્છા ધર્મ કરવાના ઉમળકાથી ક્રિયા કરવી જોઈએ એ આશય " શ્રી જીનેશ્વર ભગવંતની આજ્ઞાથી, ત્રિભુવનગુરુની આજ્ઞા, પરમ પ્રભુ આજ્ઞાના પાલન-થી આ અમુક ક્રિયા કરવી જોઈએ." તેથી ભાવ શુદ્ધ છે, શુભ નિર્જરા છે અને મોક્ષ થાય છે; એટલા માટે શ્રી હરિભદ્રસૂરિ આદિ સૂરિપુંગવોએ સર્વ ધર્મવ્યાપારને મોક્ષનું કારણ કહેતાં તેની સાથે ' પરિશુદ્ધ ' એવું વિશેષણ લગાડેલ છે.

' પરિશુદ્ધ એવો ધર્મવ્યાપાર ' મોક્ષનું કારણ છે. ત્યાં ' પરિશુદ્ધ ' એટલે આશયની વિશુદ્ધિવાળો, ક્રિયાના પાંચ પ્રકારના આશય ' ષોડશક ' આદિ ગ્રન્થોમાં બતાવ્યા છે. તેમાં પ્રથમ ' પ્રણિધાન ' છે. પ્રણિધાન એટલે કર્તવ્યતાનો ઉપયોગ, આ મારું કર્તવ્ય છે એવી બુદ્ધિ. એ બુદ્ધિ શાસ્ત્ર ઉપરના બહુમાનથી ઉત્પન્ન થાય છે, કારણ કે શાસ્ત્રના આદિકર્તા અરિહંતદેવ છે. તેથી પ્રત્યેક ક્રિયા કરતી વખતે " આ ક્રિયા બતાવનાર શાસ્ત્ર છે, અને એ શાસ્ત્રના આદિ પ્રકાશક-આદ્ય પુરસ્કર્તા શ્રીઅરિહંત પરમાત્મા છે," એ સ્મૃતિનું પ્રણિધાન રહેવાથી કર્તવ્યભાવના સતેજ

બને છે. બીજી બાજુ શાસ્ત્રોક્ત પરમાત્માનું ધ્યાન પણ ભાવ શુદ્ધ કરે છે. તે માટે કહ્યું છે, કે—

‘શાસ્ત્રને આગળ કરવાથી વીતરાગ આગળ કરાય છે અને વીતરાગને આગળ કરવાથી સર્વ સિદ્ધિઓ નિયમા પ્રાપ્ત થાય છે.*’

જૈનદર્શનના મતે આ જ સાચું ક્રિયાવિધાન છે. કેવળ પ્રભુનું નામ લેવાથી કે ભજન કરવાથી જ કલ્યાણ થઈ જશે, અથવા કેવળ વિવિધ પ્રકારનાં અનુષ્ઠાન કરવામાત્રથી જ કલ્યાણ થઈ જશે, એમ જૈનશાસન એકાંતથી કહેતું નથી. જૈનશાસન તો એમ કહે છે, કે—“શાસ્ત્રને આગળ કરીને ચાલો. શાસ્ત્રને આગળ કરવાથી શાસ્ત્રના પુરસ્કર્તા તરીકે એક બાજુ વીતરાગનું બહુમાન અને ધ્યાન થાય છે. બીજી બાજુ પોતાની ભૂમિકાને યોગ્ય શાસ્ત્રનિર્દિષ્ટ કર્તવ્ય-કર્મમાં રત રહેવા માટે જરૂરી શ્રદ્ધાનું બળ પ્રાપ્ત થાય છે.” વીતરાગનું નામસ્મરણ, ભજન-કીર્તન કે અર્ચનપૂજન પણ શ્રી જિનમતમાં વીતરાગની આજ્ઞાના પાલન તરીકે કરવાનું ફરમાવ્યું છે, કારણ કે તે આજ્ઞાપાલનનો પરિણામ જ જીવને સિદ્ધિનું સાચું કારણ બને છે.

ક્રિયાનો બીજો આશય ‘પ્રવૃત્તિ’ છે. અહીં પ્રવૃત્તિ એટલે પ્રયત્નનો અતિશય. પોતપોતાને ઉચિત એવા ધર્મસ્થાનને વિષે (ઉપાયવિષયક નૈપુણ્યયુક્ત અને ક્રિયાની શીઘ્ર સમાપ્તિની ઇચ્છારૂપ ઔત્સુક્યદોષથી રહિત) પ્રયત્નનો અતિશય તે પ્રવૃત્તિ છે.

ત્રીજો આશય ‘વિઘ્નજય’ છે. ધર્મમાં આવતાં વિઘ્નો—અંતરાયોને દૂર કરવાનો પરિણામ, તે વિઘ્નજય કહેવાય છે. ધર્મના અંતરાય ત્રણ પ્રકારના છેઃ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. એને કંટકકલ્પ, જ્વરકલ્પ,

* ‘शास्त्रे पुरस्कृते तस्माद् वीतरागः पुरस्कृतः ।
पुरस्कृते पुनस्तस्मिन्नियमात् सर्वसिद्धयः ॥ १ ॥

—भगवती टीका

અને દિગ્મોહકલ્પ કહ્યાં છે. શીતોષ્ણાદિ પરીષહો એ કંટકકલ્પ વિઘ્ન છે અને તેને તિતિક્ષાભાવના વડે દૂર કરી શકાય છે. તિતિક્ષા એટલે શીતોષ્ણાદિ દ્વન્દ્વો સમભાવે સહન કરવાની વૃત્તિ. શારીરિક રોગો એ જ્વરકલ્પ છે. તેને હિતાહાર-મિતાહાર વડે દૂર કરી શકાય છે, અથવા "આ રોગો મારા શરીરની સ્થિતિને બાધક છે પણ આત્માના સ્વરૂપને નહિ," એ જાતિનો વિચાર કરવાથી જીતી શકાય છે. મિથ્યાત્વાદિ-જનિત મનોવિભ્રમ એ દિગ્મોહકલ્પ નામનું તૃતીય વિઘ્ન છે. તેને મિથ્યાત્વાદિની પ્રતિપક્ષ ભાવનાઓ વડે અને ગુરુઆજ્ઞાના પારતંત્ર્યવડે જીતી શકાય છે. એ રીતે ત્રણેય પ્રકારના વિઘ્નો દૂર કરવાથી ધર્મસ્થાનનું નિરંતરાય નિર્વિઘ્ન આરાધન થઈ શકે છે.

'સિદ્ધિ' એ ચોથો અને 'વિનિયોગ' એ પાંચમો આશય છે. પ્રથમ ત્રણ આશયના સામટા સેવનથી ધર્મની સિદ્ધિ થાય છે અને 'સિદ્ધિ' થયા પછી યથાયોગ્ય ઉપાય વડે બીજાને તેની પ્રાપ્તિ કરાવી શકાય છે. એ વિનિયોગ નામનો પાંચમો આશય છે. આ પાંચે ય પ્રકારના આશયથી શુદ્ધ એવો ધર્મવ્યાપાર મોક્ષનું કારણ બની શકે છે, પણ કેવળ ધર્મવ્યાપાર નહિ, કારણ કે વાસ્તવિક ધર્મ એ 'પુષ્ટિ અને શુદ્ધિવાળું ચિત્ત' છે.

પુણ્યોપચય એ ચિત્તની પુષ્ટિ છે અને ઘાતીકર્મના ક્ષયથી ઉત્પન્ન થનારી આંશિક નિર્મળતા એ ચિત્તની શુદ્ધિ છે. પ્રણિધાનાદિ આશયોથી ચિત્તના એ બન્ને ય ધર્મો અનુક્રમે વધતા જાય છે અને તેની પુષ્ટિ અને શુદ્ધિનો પ્રકર્ષ મોક્ષમાં પરિણમે છે. આ આશયોથી શૂન્ય અનુષ્ઠાન અનુબંધવાળું બનતું નથી. તેથી તેને કરવા છતાં શુદ્ધિનો પ્રકર્ષ થવાને બદલે અશુદ્ધિ કાયમ રહે છે.

એ રીતે ક્રિયાની પાછળ આશય ભળે છે, ત્યારે તે બન્નેય મળીને મોક્ષનો હેતુ બને છે. આશયશુદ્ધિપૂર્વકની પ્રતિક્રમણની ક્રિયા વિશેષે

કરીને મોક્ષના હેતુ બને છે. કારણ કે તેમાં સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને અનાલંબન એ પાંચ પ્રકારના યોગોની વિશિષ્ટ આરાધના રહેલી છે.

૧ સ્થાન—કાયોત્સર્ગાદિ આસનવિશેષ.

૨ વર્ણ—ક્રિયામાં ઉચ્ચારાતા સૂત્રના અક્ષરો.

૩ અર્થ—અક્ષરોમાં રહેલા અર્થવિશેષનો નિર્ણય.

૪ આલંબન—બાહ્ય પ્રતિમા, અક્ષર સ્થાપના આદિ વિષયક ધ્યાન.

૫ અનાલંબન—બાહ્ય રૂપી દ્રવ્યના આલંબનરહિત કેવળ નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ.

યોગશાસ્ત્રમાં પ્રતિપાદિત આ પાંચેય પ્રકારનો વિશિષ્ટ યોગ પ્રતિક્રમણની ક્રિયામાં સધાય છે. તેમાં સ્થાન અને વર્ણ, એ બે ક્રિયાયોગ છે. કારણ કે સ્થાન એ શારીરિક અને વર્ણ એ વાચિક ક્રિયારૂપ છે, અને **અર્થ, આલંબન** તથા **અનાલંબન** એ ત્રણ જ્ઞાનયોગ છે, કારણકે તે માનસિક વ્યાપારરૂપ છે.

એ રીતે, આશય શુદ્ધિપૂર્વક કરાતી આ ક્રિયા તીર્થના રક્ષણ સાથે મોક્ષની પણ પ્રાપ્તિના હેતુભૂત થાય છે. "હાથકંકણને આરસી"ની જરૂર નથી. ક્રિયા કરીને તેનો લાભ પ્રત્યક્ષ અનુભવવો એજ તેને સમજવાનો રાજમાર્ગ છે.

શંકા ૧૨: પ્રતિક્રમણ સૂત્ર ઉપર અનેક પુસ્તકો બહાર પડ્યાં છે. આ નવું પુસ્તક પ્રગટ કરવાની જરૂર શી છે?

સમાધાન: આમ તો પ્રતિક્રમણસૂત્ર ઉપર કોઈ પણ પુસ્તક બહાર પાડવાની જરૂર જ નથી, કારણ કે—સૂત્રો અલ્પ છે, અને તે પુસ્તક વિના પણ મુખપાઠ કરાવી શકાય એમ છે. ૨૫-૫૦ વર્ષ પહેલાના સમયમાં એ રીતે જ થતું હતું. તથા તેનો અર્થ-ભાવાર્થ-ઐદંપર્યાર્થ વગેરે વિસ્તૃત રૂપમાં નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા વગેરેમાં લખાયેલા મોજૂદ

કરીને મોક્ષનો હેતુ બને છે. કારણ કે તેમાં સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને અનાલંબન એ પાંચે પ્રકારના યોગોની વિશિષ્ટ આરાધના રહેલી છે.

૧ સ્થાન—કાયોત્સર્ગાદિ આસનવિશેષ.

૨ વર્ણ—ક્રિયામાં ઉચ્ચારાતા સૂત્રના અક્ષરો.

૩ અર્થ—અક્ષરોમાં રહેલા અર્થવિશેષનો નિર્ણય.

૪ આલંબન—બાહ્ય પ્રતિમા, અક્ષર સ્થાપના આદિ વિષયક ધ્યાન.

૫ અનાલંબન—બાહ્ય રૂપી દ્રવ્યના આલંબનરહિત કેવળ નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ.

યોગશાસ્ત્રમાં પ્રતિપાદિત આ પાંચેય પ્રકારનો વિશિષ્ટ યોગ પ્રતિક્રમણની ક્રિયામાં સધાય છે. તેમાં સ્થાન અને વર્ણ, એ બે ક્રિયાયોગ છે. કારણ કે સ્થાન એ શારીરિક અને વર્ણ એ વાચિક ક્રિયારૂપ છે, અને **અર્થ, આલંબન** તથા **અનાલંબન** એ ત્રણ જ્ઞાનયોગ છે, કારણકે તે માનસિક વ્યાપારરૂપ છે.

એ રીતે, આશય શુદ્ધિપૂર્વક કરાતી આ ક્રિયા તીર્થના રક્ષણ સાથે મોક્ષની પણ પ્રાપ્તિના હેતુભૂત થાય છે. "હાથકંકણને આરસી"ની જરૂર નથી. ક્રિયા કરીને તેનો લાભ પ્રત્યક્ષ અનુભવવો એજ તેને સમજવાનો રાજમાર્ગ છે.

શંકા ૧૨ : પ્રતિક્રમણ સૂત્ર ઉપર અનેક પુસ્તકો બહાર પડ્યાં છે. આ નવું પુસ્તક પ્રગટ કરવાની જરૂર શી છે?

સમાધાન : આમ તો પ્રતિક્રમણસૂત્ર ઉપર કોઈ પણ પુસ્તક બહાર પાડવાની જરૂર જ નથી, કારણ કે—સૂત્રો અલ્પ છે, અને તે પુસ્તક વિના પણ મુખપાઠ કરાવી શકાય એમ છે. ૨૫-૫૦ વર્ષ પહેલાના સમયમાં એ રીતે જ થતું હતું. તથા તેનો અર્થ-ભાવાર્થ-ઐદંપર્યાર્થ વગેરે વિસ્તૃત રૂપમાં નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા વગેરેમાં લખાયેલો મોજૂદ

ઉપર કરવામાં આવ્યું છે. ગમોનો આ પ્રમાણ ભાગ છે અને તેનાં મૂળ સામાયિક અને ચૈત્યવંદન વગેરેનાં સૂત્રો જ ગણી શકાય છે.

સર્વવિરતિ ગૃહસ્થોને આ ક્રિયા નિત્ય ઉપયોગી હોવાથી તથા આગળની ગણધરોના ગૂંથેલાં સૂત્રો [illegible] ભાષામાં શ્રદ્ધા સાથે આ રીતે પ્રસિદ્ધ થવું આનન્દ અને સામાન્ય [illegible] આ પુસ્તક દૃષ્ટિએ જ હોવાં લાગશે, સમજવા જરૂરી હોવાથી આ પુસ્તક પણ પ્રથમ [illegible] અને તેટલી સરળ અને આવશ્યક એવું જેમ [illegible] શબ્દો અને સૂત્રો અને [illegible]. જો વાંચનારો, ભણનારો કારણ કે તેમાં પ્રાચીન શબ્દો આવ્યા છે. [illegible] પ્રતિક્રમણની ક્રિયા સ્પષ્ટ ભાષામાં સમજાવવામાં આવ્યા [illegible] અજ્ઞાનના તથા પ્રતિક્રમણ કરવાના પ્રતિક્રમણ-સૂત્રો સંબંધી ફેલાયેલી અજ્ઞાનતા દૂર થશે અને હવે પછી પ્રગટ કરવાના પ્રત્યે આવેલી કે આવતી ઓછી દૂર થશે અને હવે પછી પ્રગટ થયેલાં પુસ્તકો વાંચવા તથા ભણવા વિભાગો તથા આજ પૂર્વે પ્રગટ થયેલાં પુસ્તકો વાંચવા અને તેના અર્થો રચનારા માટે અંતરની ઝંખના વધશે તથા આ સૂત્રો અને તેને સુરક્ષિત રાખીને આપણા પર્યન્ત તથા પ્રકાશનારા અને આજ સુધી તેને સુરક્ષિત રાખીને આપણા પર્યન્ત સદ્ધિયરૂપે લઈ આવનારા પરમ ઉપકારી પૂર્વમહર્ષિઓ ઉપર આંતરિક બહુમાનનો ભાવ પ્રગટ થશે.

આ પુસ્તકના લેખક અને યોજક મહાનુભાવો જો આ વિષયના જાણકાર ગીતાર્થ મહાપુરુષો પ્રત્યે સમર્પિત ભાવને ધારણ કરવાની મનોવૃત્તિવાળા ન હોત; તો આ પુસ્તક જે રીતે પ્રસિદ્ધ થવા પામ્યું છે, તે રીતે કદાચ પ્રસિદ્ધ થવા પામત નહિ. જૈનશાસ્ત્રના કોઈ પણ વિષય ઉપર કલમ ઉપાડવી હોય તેણે સૌથી પ્રથમ ગીતાર્થપારતંત્ર્ય પ્રાપ્ત કરવું જ પડશે. અન્યથા લાભ થવાને બદલે તેનાથી મોટા અનર્થ જ થવાનો સંભવ છે.

ભૂતકાળમાં આમ બન્યું છે. તત્ત્વાર્થભાષ્ય પરથી આવશ્યકને અંગબાહ્ય તરીકે સ્થવિરકૃત માની 'ગણધરકૃત નથી' એવું સ્થાપિત કરાયું છે, પણ તે ખોટું છે; કેમ કે **ઠાણાંગસૂત્રમાં** અંગબાહ્ય-શ્રુતના